An International Socio-Spiritual Organization

# SMVS પરિચય

# અનુક્રમણિકા


૦૧. આપણી સંસ્થાનો પરિચય ........ ૦૧

૦૨. આપણા ગુરુદેવ પ.પૂ.બાપજીનો ટૂંકમાં પરિચય ........ ૦૪

૦3. આપણા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો ટૂંકમાં પરિચય ........ ૦૭

૦૪. ભગવાન શ્રી સ્વામિનારાયણનો પરિચય ........ ૧૦

૦૫. શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીનો પરિચય ........ ૧૩

૦૬. આપણી અમીરપેઢીનો પરિચય ........ ૧૮

૦૭. SMVS સંસ્થાના મંદિરોનો પરિચય ........ ૩૬

૦૮. SMVS સંસ્થાની બાળ-બાલિકા પ્રવૃત્તિ ........ ૪૨

૦૯. SMVS સંસ્થાની યુવા પ્રવૃત્તિ ........ ૪૭

૧૦. અઠવાડિક સત્સંગ સભાનો હેતુ ........ ૫૦

૧૧. આપણા પૂ. સંતો ........ ૫૧

૧૨. આપણા પૂ. સંતોનાં પંચવર્તમાન ........ ૫૨

૧૩. SMVS સંસ્થાની યુવતી પ્રવૃત્તિ ........ ૫૩

૧૪. SMVS સંસ્થાની વિદેશ સત્સંગ પ્રવૃત્તિ ........ ૫૭

૧૫. અનાદિમુક્ત વિશ્રામ ........ ૬૨

૧૬. SMVS સંસ્થાની આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિ ........ ૬૬

૧૭. SMVS સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિ ........ ૬૯

૧૮. SMVS સંસ્થાની તબીબી-મેડિકલ તથા અન્ય પ્રવૃત્તિ ........ ૭૭

# અનુક્રમણિકા


૧૯. SMVS સંસ્થાના પૂ.સંતોની પરહિતકારી સેવા-પ્રવૃત્તિ ........ ૯૦

૨૦. ઘનશ્યામ સામાયિકની માહિતી ........ ૯૩

૨૧. સ્વામિનારાયણ ધામ અંગેની માહિતી ........ ૯૫

૨૨. SMVS સંસ્થાની વેબસાઇટની માહિતી ........ ૯૬

૨૩. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની કથાવાર્તાના ઓનલાઇન લાભના માધ્યમ ........ ૯૯

૨૪. સંતવાણી ........ ૧૦૨

૨૫. તીર્થધામ ગોધર અભિષેક મહિમા ........ ૧૦3

૨૬. અનાદિમુક્ત પીઠિકા મહિમા ........ ૧૦૭

૨૭. દિવ્ય શાંતિપાઠ મહિમા ........ ૧૦૯

૨૮. દિવ્ય મહાપૂજા મહિમા ........ ૧૧૦

૨૯. આપણું સિદ્ધાંત સૂત્ર ........ ૧૧૧

30. હરિભક્તોનાં પંચવર્તમાન ........ ૧૧૨

3૧. કારણ સત્સંગી એટલે શું ? ........ ૧૧3

3૨. આપણો ગુરુમંત્ર ........ ૧૧૪

33. જ્ઞાન-ધ્યાન ચિંતનના હેતુ ........ ૧૧૫

3૪. Family Time હેતુ ........ ૧૧૮

3૫. SMVS on Internet ........ ૧૨૦

## 1) આપણી સંસ્થાનો પરિચય

આપણી સંસ્થા એટલે **SMVS** અર્થાત્ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા. જેનો વ્હાલા ગુરુજીએ આધ્યાત્મિક અર્થ આપ્યો છે, 'શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ.'

- ઈ. સ. 1987થી આધ્યાત્મિક તેમજ સમાજ ઉત્કર્ષની સેવામાં સતત કાર્યરત.
- 100 સંતો-પાર્ષદો, 50થી વધારે સમર્પિત સેવકો, 101 જેટલાં મહિલા ત્યાગી મુક્તો (મહિલા સંતો) તથા 70થી વધુ મહિલા સમર્પિત મુક્તો અને 10,000થી પણ વધુ સ્વયંસેવકો તેમજ કાર્યકરો, સંસ્થાની પ્રવૃત્તિ તેમજ વિકાસના આયોજનમાં સંપૂર્ણ કાર્યરત.






- ભારતમાં **SMVS**ના 80થી પણ વધુ મંદિરો, 30 કરતાં પણ વધુ સત્સંગ કેન્દ્રો અને વિદેશમાં 15થી વધુ મંદિરો તથા 10 કરતાં વધુ સત્સંગ કેન્દ્રો સિદ્ધાંત પ્રવર્તનના કાર્યમાં હરણફાળ ભરી રહ્યાં છે.
- સંસ્થાનું મુખ્ય મંદિર - વાસણા, અમદાવાદ
- સંસ્થાનું વડું મથક - સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર



- **સંસ્થાનું આધ્યાત્મિક સાધના કેન્દ્ર** – અનાદિમુક્ત વિશ્રામ, સ્વામિનારાયણ ધામ, અરવલ્લી (નિર્માણ પામી રહ્યું છે.)



- **શૈક્ષણિક પ્રવૃત્તિઓ - કુલ ૪ એકમો શૈક્ષણિક પ્રવૃત્તિમાં કાર્યરત**



1. સ્વામિનારાયણ ધામ બોયઝ ગુરૂકુલ, સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરૂકુલ, સંકલ્પ ગુરૂકુલ (જે પંચમહાલના આદિવાસી બાળકો માટે કાર્યરત છે. ગોધર બોયઝ ગુરૂકુલ અત્યારે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે કાર્યરત છે.)
2. ત્રણ શાળાઓ (સ્વામિનારાયણ ધામ ગાંધીનગર, વાસણા અને નરોડા)
3. બોયઝ છાત્રાલય તથા ગર્લ્સ છાત્રાલય, સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર









- **આરોગ્ય પ્રવૃત્તિ -** અત્યાધુનિક મલ્ટિ સ્પેશ્યાલિટી **SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલ (ગાંધીનગર), 1 સિટી સેન્ટર (વાસણા), 1 મેડિકલ સેન્ટર (ઘનશ્યામનગર)








- ભારતના નાના ગામડાથી માંડી મોટા શહેરો તેમજ અમેરિકા, કેનેડા, ઇંગ્લેંન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દુબઈ, યુગાન્ડા, કેન્યા આદિ દેશોમાં પણ સંસ્થાનો વિશ્વવ્યાપી વિકાસ છે.
- **આદિવાસી પ્રવૃત્તિ -** આદિવાસી વિસ્તારના પછાત વર્ગમાં વસ્તુ, વિધા તથા આરોગ્યની નિ:શુલ્ક સહાય.





## 2) આપણા ગુરુદેવ પ.પૂ.બાપજીનો ટૂંકમાં પરિચય



આપણા ગુરુદેવ પ.પૂ.અ.મુ. સદ્. દેવનંદનદાસજી સ્વામીશ્રી છે. જેમને આપણે તથા સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય ગુરુદેવ પ. પૂ. બાપજીના નામથી ઓળખીએ છીએ.

- ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે શ્રીજીમહારાજના આધ્યાત્મિક વારસદાર એવા સદ્. ગોપાળાનંદ સ્વામીની પેઢીના પરંપરાગત પાંચમા આધ્યાત્મિક વારસદાર.



**“ સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં. ”**

આ સૂત્રને જીવન પર્યંત ધારણ કરી, ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન તથા આજ્ઞાનું સર્વોત્તમ પાલન કરી તેઓ સમગ્ર સંપ્રદાયમાં સૌના પ્રેરણામૂર્તિ બની ગયા છે.

- ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસનાના યુગ પ્રવર્તક દિવ્ય સત્પુરુષ.
- કથાવાર્તા એ જ એમનું જીવન અને કાર્ય હતાં. જીવન પર્યંત તેઓ અનંત મુમુક્ષુઓને કથાવાર્તાનો લાભ આપવા રાત્રિ-દિવસ અવિરત વિચરણ કર્યા કરતા.
- સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, પારદર્શકતા તથા પોતાની અહમશૂન્યતા અને ભગવાન સ્વામિનારાયણનું જ એક કર્તાપણું આદિ ગુણો મુમુક્ષુઓ માટે એમના પ્રત્યે આકર્ષણના મૂળ સ્થાનમાં છે.
- તેઓશ્રી સંપ્રદાયમાં વચનામૃતના આચાર્ય તરીકે પ્રસિદ્ધ છે.
- તેઓશ્રીએ દિવ્યજીવન જીવનાર વિશાળ સંત તથા હરિભક્ત સમાજની રચના કરી છે.









## 3) આપણા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો ટૂંકમાં પરિચય



આપણા ગુરુવર્ય પ.પૂ.અ.મુ. સદ્. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી છે. જેમને આપણે વ્હાલા ગુરુજીના નામથી ઓળખીએ છીએ.

- તેઓશ્રી અનાદિમુક્તની સ્થિતિના જ્ઞાનની યથાર્થ સ્પષ્ટ સમજૂતી આપી તેનું વિશ્વવ્યાપી પ્રવર્તન કરી રહ્યા છે.
- સંત થયા બાદ તરત જ સમગ્ર **SMVS** સંસ્થાના વહીવટની તમામ જવાબદારી પોતાના શિરે ઉપાડી લઈ તેઓએ ગુરુદેવ પ.પૂ. બાપજીને ચિંતામાંથી મુક્ત કર્યા.
- ગુરુદેવ પ.પૂ. બાપજીના પરભાવના દિવ્ય સ્વરૂપની સમગ્ર સત્સંગ સમાજને ઓળખાણ કરાવી, તેઓનો મહિમા અનંતને સમજાવ્યો અને તેમની સાથે આત્મબુદ્ધિ કરવાની રીત શીખવી.
- **SMVS** સંસ્થાનું આદર્શ નેતૃત્વ સંભાળી તેનું સુયોગ્ય રીતે વિવિધ કાર્યાલયોની રચના કરી સંચાલન કર્યું.
- સમગ્ર સંત સમાજ અને હરિભક્ત સમાજનું કથાવાર્તા તથા માતૃવાત્સલ્ય પ્રેમ અને વર્તનશીલ જીવન દ્વારા ઘડતર કરીને શ્રીહરિના રાજીપામાં વર્તતા, દિવ્યજીવન જીવતા, વર્તનશીલ તથા ગુણવત્તાસભર સમાજની રચના કરી.





- તેઓશ્રીએ શ્રીજીસંમત કારણ સત્સંગના સનાતન સિદ્ધાંતોને ઉજાગર કરી છડેચોક પ્રવર્તાવ્યા.

- ગુરુદેવ પ.પૂ. બાપજીને 'સ્વામી દેવનંદનદાસજી' માંથી 'બાપજી' નું અજોડ બિરુદ આપી સમગ્ર સંત-હરિભક્ત સમાજના અંતરે અને મુખમાં ગુંજતું કર્યું.

- તેઓશ્રીએ **SMVS**ના શૂન્યમાંથી સર્જનના સર્વે દાખડા, સર્વે સફળતાનો સર્વે યશ પોતાના બદલે હરહંમેશ ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે જ સમર્પિત કર્યો. પોતે સંપૂર્ણ સેવકભાવે વર્ત્યા છે તથા વર્તી રહ્યા છે.







## 4) ભગવાન શ્રી સ્વામિનારાયણનો પરિચય





- પ્રાગટ્ય : અનંત મુમુક્ષુ આત્માઓ તથા અનંત અવતારો અને તેમના ભક્તો મોક્ષાર્થે પૂર્ણ પુરુષોત્તમનારાયણ સનાતન ભગવાનના પ્રાગટ્યની યાચના કરતા હતા. ત્યારે કેવળ જીવોનાં કલ્યાણ અર્થે ભગવાન શ્રી સ્વામિનારાયણ આ બ્રહ્માંડને વિષે સંવત 1837 ચૈત્ર સુદ નોમના દિને ઉત્તર ભારતના છપૈયા ગામે મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપવા પ્રગટ થયા.

## પ્રાગટ્યના હેતુઓ

- પોતાના એકાંતિક ભક્તોને સુખ આપવા તથા તેમના મનોરથ પૂર્ણ કરી લાડ લડાવવા.
- અધર્મી તથા અસુરોથી કષ્ટ પામતાં એવાં ભક્તિ-ધર્મ તેમનું રક્ષણ કરવું તથા પૃથ્વીને વિષે તેની પ્રવૃત્તિ કરવી.
- પોતાનું સર્વોપરી જ્ઞાન તથા સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવી અને જીવોને પોતાના મુક્ત ભેળા ભેળવવા.
- પોતાની સત્તાથી થયેલ અવતારોને તથા અવતારોના ભક્તોને આ પૃથ્વીને વિષે મનુષ્યરૂપ ધરાવીને પોતાનું જ્ઞાન તથા ઉપાસના સમજાવીને તેમને પોતાના ધામમાં લઈ જવા.
- એકાંતિક ધર્મનું સ્થાપન કરવું તથા દુષ્ટજનનો નાશ કરવો તથા સત્પુરુષનું રક્ષણ કરવું.
- મુમુક્ષુને મુક્ત કરવા તથા પોતાનાં અને પોતાનાં મુક્તોનાં દર્શન-સ્પર્શાદિક સંબંધે કરીને નવા મુમુક્ષુ કરીને તેમનો આત્યંતિક મોક્ષ કરવો.





## મહત્વનાં કાર્યો :



- સર્વે સંપ્રદાયોમાં શ્રેષ્ઠ સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી.
- તેઓશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણરૂપ 'શિક્ષાપત્રી' ગ્રંથ તથા સંતો-હરિભક્તોનાં પંચવર્તમાન આપ્યાં.
- તેઓશ્રીએ આત્મા-પરમાત્માનું શુદ્ધ જ્ઞાન આપી સનાતન ઉપાસના પ્રવર્તાવી.
- તેઓશ્રીએ પોતાનો સનાતન અને વિશિષ્ટ એવો 'વિશિષ્ટાદ્વૈત' સિદ્ધાંત આપ્યો.
- તેઓશ્રીએ વર્તનશીલ અને ધર્મ-નિયમયુક્ત સંતોની રચના કરી સંત-અસંતની ઓળખ કરાવી.
- પોતાના દિવ્ય સત્પુરુષો દ્વારા પરંપરાગત આત્યંતિક કલ્યાણનો રાજમાર્ગ ચાલુ રાખ્યો.
- તેઓશ્રીએ સમાજમાં મહિલા વર્ગને એક અલગ અને આગવું સર્વોચ્ચ સ્થાન આપ્યું.
- તેઓશ્રીએ સમાજનાં દૂષણરૂપ કેટલાક કુરિવાજો જેવા કે દૂધપીતી, સતીપ્રથા આદિ દૂર કર્યા.
- પોતાના અધૂરા સંકલ્પોને પૂર્ણ કરવા પોતાના મુક્ત 'શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રી' સ્વરૂપે પ્રગટ થવાના આશીર્વાદ આપી, મુક્ત સ્વરૂપે પ્રગટ થઈ પોતાની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન આપ્યું.

- અંતર્ધાન : સંવત 1886 જેઠ સુદ દશમના રોજ ગઢડા મુકામે દેખાતો અવરભાવ સ્વતંત્ર થકા અનેક પરચાઓ સાથે અદ્રશ્ય કર્યો.

## 5) શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીનો પરિચય





## પ્રાગટ્ય

- સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તન માટે ભગવાન સ્વામિનારાયણનું પ્રાગટ્ય થયું હતું. પરંતુ નવા આદરવાળા જીવોથી તે જ્ઞાન સ્થિતિ સમજાઈ નહિ જેથી માત્ર 49 વર્ષના ટૂંકા ગાળામાં શ્રીહરિએ અવરભાવની લીલા સંકેલી લીધી. પોતાના આ સંકલ્પને પૂર્ણ કરવા પોતાના અનાદિમુક્તને મોકલ્યા. આ મહા અનાદિમુક્ત એટલે 'જીવનપ્રાણ અબજીબાપાશ્રી'. તેઓનું પ્રાગટ્ય કચ્છના બળદિયા (વૃષપુર) ગામે સંવત 1901 કારતક સુદ એકાદશીના રોજ થયું હતું.

## સમજાવેલ સિદ્ધાંત

- સંપ્રદાયમાં પ્રવર્તતી ઉપાસના અંગેની માનીનતાઓમાં શુદ્ધીકરણ કરી શ્રીજીસંમત સર્વોત્તમ સિદ્ધાંત આપ્યો.

**"સ્વામિનારાયણ એક જ સનાતન ભગવાન છે અને તે અજોડ છે."**

**"અનાદિમુક્તની સ્થિતિ એ જ શ્રેષ્ઠ અને અંતિમ સ્થિતિ છે.
જે સ્થિતિને પામવી ફરજિયાત છે."**

## કારણ સત્સંગની સ્થાપના

- પરોક્ષપણાની માનીનતા દૂર કરી પ્રત્યક્ષપણાની માનીનતા દૃઢ કરાવવા અબજીબાપાશ્રીએ કાર્ય અને કારણ આ બેની શુદ્ધ સમજણ આપી. સાધુ, આચાર્ય, બ્રહ્મચારી, મંદિર, દેશ, ગાદી આ બધું કાર્ય છે અને મહારાજની મૂર્તિ એ કારણ છે. એકમાત્ર મૂર્તિમાં જોડાવવા માટે અબજીબાપાશ્રીએ કારણ સત્સંગની સ્થાપના કરી.



## મહત્ત્વનાં કાર્યો

- તેઓશ્રીએ સંપ્રદાયમાં પ્રવર્તેલી પરોક્ષભાવની ગેરસમજને દૂર કરી તથા ભગવાન સ્વામિનારાયણ મૂર્તિ રૂપે સદાય પ્રગટ છે તે સમજણ આપી.
- તેઓશ્રીએ શ્રીમુખવાણી વચનામૃત ગ્રંથના ગૂઢાર્થભર્યા રહસ્યોને સમજાવ્યા.
- તેઓશ્રીએ અન્વય-વ્યતિરેક સ્વરૂપનું જ્ઞાન સમજાવી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા સમજાવી.
- તેઓશ્રીએ અનાદિમુક્તની સ્થિતિને યથાર્થ સમજાવી તથા અનંતને મૂર્તિના સુખભોક્તા કર્યા.
- તેઓશ્રીએ સંતો-હરિભક્તોને પોતાના વર્તન દ્વારા ધર્મ-નિયમ તથા વર્તનની દૃઢતા કરાવી.
- તેઓશ્રીએ મોટા મોટા 6 યજ્ઞોનું આયોજન કરી અનંતાનંત જીવોને આત્યંતિક કલ્યાણના મોક્ષભાગી કર્યા.
- તેઓશ્રીએ પ્રતિલોમ ધ્યાનની સર્વશ્રેષ્ઠ લટક આપી જ્ઞાન-ધ્યાનના અખંડ અખાડા ચલાવ્યા.
- સત્સંગ મહાસભાની સ્થાપના કરી દેવની મિલકત-પ્રાસાદિક સ્થાનો કાયમી સમગ્ર સંપ્રદાયના સંતો-ભક્તોને સમર્પણ કરી દીધા.
- તેઓશ્રીએ કારણ સત્સંગના સિદ્ધાંતોને ઉજાગર કરનાર ગુરુદેવ પ.પૂ.અ.મુ. સદ્. દેવનંદનદાસજી સ્વામીશ્રીના (ગુરુદેવ પ.પૂ. બાપજીના) પ્રાગટ્યના આશીર્વાદ આપ્યા.





## સંપ્રદાયમાં પ્રભાવ

- અમદાવાદ દેશના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને સમર્થ સદ્. ગુણાતીતાનંદ સ્વામી પણ સ્વયં બાપાશ્રીનો અપાર મહિમા સમજતા. આદિ આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ અને આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પણ તેઓનો અપાર મહિમા સમજતા અને તેઓના સમાગમનો લાભ લેતા તેમજ બાપાશ્રી પાસેથી મૂર્તિસુખના આશીર્વાદ મેળવતા.
- અમદાવાદ, મૂળી, વડતાલ, ગઢડા, ભૂજ વગેરે મોટા મોટા ધામના 500 સમર્થ સદ્ગુરુ સંતો બાપાશ્રીનો જોગ-સમાગમ કરવા માટે વર્ષમાં છ - છ મહિના બળદિયા જતા અને તેમના ખોળામાં માથું મૂકી, "બાપા ! અમારું પૂરું કરો." એવા આશીર્વાદ માગતા અને બાપાશ્રી પણ રાજી થઈને જ્યાં આશીર્વાદ આપતા કે, "જાવ, તમારું પૂરું, પૂરું ને પૂરું..." ત્યાં ઝળળળ તેજના સમૂહમાં મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનાં દર્શન થતાં અને અખંડ મૂર્તિના સુખભોક્તા થઈ જતા.
- સાંપ્રદાયિક પ્રશ્નોના નિવારણ તેમજ મહત્ત્વના નિર્ણયો લેવા માટે આદિ આચાર્યશ્રીઓ તથા મોટા મોટા સંતો-હરિભક્તો પણ બાપાશ્રી પાસે બળદિયા આવતા.
- તેઓના દિવ્ય પ્રભાવથી સંપ્રદાયમાં સંતો-હરિભક્તો પોતપોતાનાં પંચવર્તમાન અને ધર્મ-નિયમમાં ખબડદાર થઈને વર્તતા. કોઈ પણ શ્રીજીમહારાજની અલ્પ સરીખી આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નહોતા એવો તેમનો આજ્ઞા પળાવવાનો આગ્રહ હતો.
- મંદિરોમાં મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે પણ તેઓ પધારતા અને તેઓના દિવ્ય હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા કરવામાં આવતી.

- તેઓ સંપ્રદાયમાં 'સમાધિવાળા અબજીભાઈ' તરીકે સુપ્રસિદ્ધ હતા. તેથી જ્યારે તેઓ સમાધિમાં ચાલ્યા જતા ત્યારે તેઓની એ અલૌકિક સ્થિતિનાં દર્શન કરવા માટે હજારો સંતો-હરિભક્તોનાં ટોળાં ઊમટી પડતાં અને તેઓનાં દર્શન કરી અહોહોભાવમાં ડૂબી જતા.

- તેઓ મોટા મોટા યજ્ઞો કરતા ત્યારે તે યજ્ઞમાં તેઓના ફદલમાં આત્યંતિક કલ્યાણના આશીર્વાદ મેળવવા માટે લાખો હરિભક્તો બળદિયા આવતા ને તેઓનાં દર્શન, સમાગમ અને આશીર્વાદનો લાભ લઈને મોક્ષભાગી થતા.

- તેઓના માટે સંપ્રદાયમાં એવી વાયકા સુપ્રસિદ્ધ હતી કે, "વર્તમાનકાળે શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ જોઈતું હોય તો જાવ બળદિયા અબજીબાપા પાસે". આમ, તેઓ કેવળ શ્રીજીમહારાજની મૂર્તિના સુખની લહાણી કરનાર સ્વતઃસિદ્ધ મહા અનાદિમુક્ત હતા.

- હજારો સંતો-હરિભક્તો તેઓના સમાગમનો લાભ લેવા બળદિયા જતા ત્યારે બળદિયાની સીમમાં પેસતાં જ સૌના ઘાટ-સંકલ્પો બંધ થઈ જતા, એવો તેઓનો દિવ્ય પ્રભાવ હતો.

- અંતર્ધાન : સંવત 1984 અષાઢ સુદ પાંચમના રોજ બળદિયા (વૃષપુર) મુકામે તેઓએ દેખાતો અવરભાવ અનેક પરચાઓ સાથે અદ્રશ્ય કર્યો હતો.



## 6) આપણી અમીરપેઢીનો પરિચય





## અ. મુ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

### અધ્યક્ષ

- અમદાવાદ અને વડતાલ બંને દેશના આચાર્યોના ઉપરી કરી સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના ઉત્તરાધિકારી અધ્યક્ષ સ્થાને ભગવાન સ્વામિનારાયણે તેઓની નિમણૂક કરી.

### મહત્ત્વનાં કાર્યો

- ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના પ્રવર્તનનું સૌપ્રથમ બીડું તેઓશ્રીએ ઝડપ્યું હતું. તેઓશ્રી ખૂણામાં બેસાડી બેસાડી ઉપાસના સમજાવતા હતા. તેથી તેઓશ્રી 'ખૂણિયા જ્ઞાનવાળા' કહેવાયા.
- ભગવાન સ્વામિનારાયણે પ્રસ્થાપિત કરેલ સંપ્રદાયની ધુરા સ્વામિનારાયણ ભગવાનના અંતર્ધાન થયા બાદ તેમણે સંભાળી સંપ્રદાયને વિસ્તાર્યો હતો.
- તેઓશ્રીએ ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી જ્ઞાન અને સિદ્ધાંતને ઉજાગર કરતા શાસ્ત્રોની રચના કરી તથા શ્રીમુખવાણી વચનામૃત ગ્રંથ રચનાની સેવા કરી.
- તેઓશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ તથા પ્રણાલિકાઓ તૈયાર કરી સમગ્ર સંતો-હરિભક્તો સર્વના ધર્મ-નિયમ અને વર્તનમાં એકસૂત્રતા કરાવી.



### અનુગામી

- પોતાના આધ્યાત્મિક વારસદાર એવા અનુગામી સત્પુરુષ તરીકે સદ્. નિર્ગુણદાસજી સ્વામીની નિમણૂક કરી.





# અ. મુ. સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી

## મહત્ત્વનાં કાર્યો

- તેઓશ્રીએ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસનાનું છડેચોક પ્રવર્તન કર્યું. એ માટે અનેક વિટંબણાઓ, કષ્ટો, તિરસ્કારો સહન કર્યાં.
- તેઓશ્રીએ જીવનપ્રાણ અબજીબાપાશ્રીની ઓળખાણ કરાવી તથા તેઓનો મહિમા સમજ્યા અને અનંતને સમજાવ્યો.
- 'સદ્. નિર્ગુણદાસજી સ્વામીની વાતો'રૂપી સુંદર શ્રીજીમહારાજના જ સર્વોપરી ચરિત્રોનો ગ્રંથ આપ્યો.

## અનુગામી

- પોતાના આધ્યાત્મિક વારસદાર એવા અનુગામી સત્પુરુષ તરીકે સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીની નિમણૂક કરી.





# અ. મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

## મહત્ત્વનાં કાર્યો

- શ્રીમુખવાણી વચનામૃતના રહસ્યમય ગૂઢાર્થ જ્ઞાનને અબજીબાપાશ્રીએ યથાર્થ સમજાવ્યું તેને સદ્. ઈશ્વરબાપાએ ગ્રંથસ્થ કરી ‘રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત’ અને ‘અબજીબાપાશ્રીની વાતો’ એવા બે અમૂલ્ય ગ્રંથોની ભેટ આપી.
- તેઓશ્રીએ જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીસંમત સિદ્ધાંતોને છડેચોક પ્રવર્તાવ્યા.
- તેઓશ્રીએ જીવનપ્રાણ અબજીબાપાશ્રીનો મહિમા અનંતને સમજાવ્યો.
- તેઓશ્રીએ સંપ્રદાયના વ્યવહારિક શુદ્ધીકરણ માટે સત્સંગ મહાસભાનું સુકાન સંભાળ્યું.
- તેઓશ્રીએ 'અબજીબાપાશ્રી જીવનચરિત્ર' ગ્રંથ પ્રકાશિત કરાવ્યો હતો.
- તેઓશ્રીએ સદ્. મુક્તાનંદ સ્વામી રચિત ‘શ્રી બ્રહ્મસૂત્રભાષ્ય રત્ન’ આ ગ્રંથ સૌપ્રથમ સંપ્રદાયમાં પ્રકાશિત કર્યો હતો.





## અ. મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

### મહત્ત્વનાં કાર્યો

- તેઓશ્રીએ અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનના સેવાકાર્યમાં ખૂબ મહત્ત્વનો ફાળો નોંધાવ્યો હતો.
- તેઓશ્રી અબજીબાપાશ્રીની વાતોના સંકલન કાર્યની સેવામાં સહયોગી બન્યા હતા.
- તેઓશ્રીએ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીસંમત સિદ્ધાંતોના પ્રચારકાર્યની સેવા કરી હતી તથા અનંતને બાપાશ્રીનો મહિમા સમજાવ્યો હતો.
- તેઓશ્રીએ અનાદિમુક્તની સ્થિતિની ઉત્તમ વાતો પીરસતો અદ્ભૂત ગ્રંથ 'વૃંદાવનસ્વામીની વાતો' આપ્યો.










## અ. મુ. સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી (સદ્. મુનિસ્વામી)

### મહત્ત્વનાં કાર્યો

- તેઓશ્રી અબજીબાપાશ્રીના અત્યંત કૃપાપાત્ર અને રાજીપાના પાત્ર બન્યા હતા.
- તેઓશ્રીએ શિક્ષાપત્રી રહસ્યાર્થ, પુરુષોત્તમલીલામૃત સુખસાગર, શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત, અવતાર-અવતારી ભેદ નિરૂપણ આદિ ગ્રંથો તૈયાર કરવાની સેવાનો લાભ લીધો હતો.
- તેઓશ્રીએ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીસંમત સિદ્ધાંતોને છડેચોક પ્રવર્તાવ્યા તથા અબજીબાપાશ્રીનો મહિમા અનંતને સમજાવ્યો.
- તેઓશ્રીએ કારણ સત્સંગના સિદ્ધાંતોને ઉજાગર કરનાર ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના પ્રાગટ્યના આશીર્વાદ આપ્યા.
- તેઓશ્રીની ધ્યાનસ્થ અવસ્થા અદભૂત હતી. તેથી તેઓશ્રી 'મુનિસ્વામી'ના નામથી પ્રસિદ્ધ થયા હતા.

### અનુગામી

- પોતાના આધ્યાત્મિક વારસદાર અનુગામી સત્પુરુષ તરીકે ગુરુદેવ પ.પૂ.અ.મુ. સદ્. દેવનંદનદાસજી સ્વામીશ્રીની (ગુરુદેવ પ.પૂ. બાપજી) પસંદગી કરી.







## પ. પૂ. અ. મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામી (ગુરુદેવ પ. પૂ. બાપજી)

### પ્રાગટ્ય

- તેઓનું પ્રાગટ્ય સંવત 1989, ફાગણ વદ એકમના (13 માર્ચ, 1933) રોજ વાસણ ગામે (જિ. અમદાવાદ) થયું હતું.

### સંત દીક્ષા

- સંવત 2012 અષાઢ વદ અગિયારસ સન 1956, 3 ઓગષ્ટના રોજ તેઓને સંત દીક્ષા આપવામાં આવી હતી.

### મહત્ત્વનાં કાર્યો



- તેઓશ્રીએ શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરોની રચના કરી તેમાં એકમાત્ર ભગવાન સ્વામિનારાયણ અને તેમના મુક્તો પધરાવ્યા છે.
- તેઓશ્રીએ સંપ્રદાયની પ્રથાના બંધનોમાંથી નિર્બંધ બની કારણ સત્સંગના સનાતન સિદ્ધાંતોને છડેચોક પ્રવર્તાવ્યા.
- તેઓશ્રીએ વિશાળ વર્તનશીલ સંત સમુદાય અને હરિભક્ત સમુદાયની રચના કરી છે.
- તેઓશ્રીએ વચનામૃતમાં તથા રહસ્યાર્થ પ્રદીપિકા ટીકામાં ગૂંથાયેલા ગૂઢાર્થ તથા રહસ્યોને જેમ છે તેમ યથાર્થ સમજાવ્યા.
- તેઓશ્રીએ અંતર્ધાન થયા ત્યાં સુધી માત્ર 63 વર્ષના ટૂંકા ગાળામાં 110 કરતાં પણ વધુ મંદિરોની રચના તથા 100 કરતાં પણ વધુ નૂતન મંદિરોના સેવાકાર્ય માટેનાં સ્થાનોનું નિર્માણ કર્યું છે.



## મહત્ત્વનાં કાર્યો

- તેઓશ્રીએ 32 કરતાં પણ વધુ નાની-મોટી સમાજ સેવાઓ તથા આ સેવાઓ માટે 10,000 કરતાં પણ વધુ હરિભક્તોના સ્વયંસેવક દળની રચના કરી છે.
- તેઓશ્રીએ ભારત, અમેરિકા, કેનેડા, ઇંગ્લેંન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દુબઈ, યુગાન્ડા, કેન્યા, આદિ દેશોમાં સત્સંગ પ્રવૃત્તિનો વ્યાપ વધાર્યો છે.
- તેઓશ્રીએ પોતાની હયાતીમાં જ પોતાના અનુગામી સત્પુરુષ તરીકે 'વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી'ની નિમણૂક કરી તેઓનો મહિમા સમજાવ્યો.
- અનંત વર્ષો સુધી પોતે સ્થાપેલ **SMVS** સંસ્થાના સિદ્ધાંતો અને ધારા-ધોરણો કોઈ બદલી ન શકે તે માટે 'સંસ્થા બંધારણ'ની રચના કરી તથા સંતોમાં પણ પોતે જે સાધુતા દ્રઢ કરાવી છે તથા રીતિ-નીતિ આપી છે તેમાં ફેરફાર ન થાય તે માટે 'સંત બંધારણ'ની રચના કરી અને તેનો અમલ કરાવ્યો.





## પ્રાગટ્ય ગાથા

- સંવત 1979માં ભગવાન સ્વામિનારાયણના સંકલ્પથી અને આશીર્વાદથી જેમનું પ્રાગટ્ય થયું હતું એવા શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રી મૂળીથી ખાખરિયાના ગામોમાં વિચરણ કરી અમદાવાદ પધાર્યા. નળકંઠા વિસ્તારના હરિભક્તોની પ્રાર્થનાથી વશ થઈ બાપાશ્રી વાંસવા ગામે બાઈઓના મંદિરની ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા માટે પધાર્યા. ત્યાં વાસણ ગામના જેઠાભાઈ ઠક્કરની આજીજી સ્વીકારી બાપાશ્રી વાસણ ગામે પધરામણી માટે પધાર્યા. નિષ્કામ ભક્ત જેઠાભાઈને સેવક (પુત્ર) પ્રાપ્ત થાય એવી લાલજીભાઈ તથા હરિભક્તોની પ્રાર્થના સાંભળી બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા કે, જાવ, મહારાજ એક નહિ બે સેવક આપશે. પણ એમાં "આધા તુમ્હારા અને આધા હમારા" બાપાશ્રીના આશીર્વાદ મુજબ સંવત 1989ના ફાગણ વદ એકમના (13 માર્ચ, 1933) રોજ પ્રાગટ્ય થયું. 'આધા હમારા' એટલે દેવુભાઈ (ગુરુદેવ પ.પૂ. બાપજી).




“જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ
જેઠાભાઈને આપેલ પ્રસાદીનું
નારિયેળ”



- 'પુત્રના લક્ષણ પારણામાંથી' એ મુજબ તેઓનું અલૌકિક વ્યક્તિત્વ બાલ્યાવસ્થાથી જ જણાઈ આવતું. બાલ્યાવસ્થાથી જ ધીર-ગંભીર, શાંત, સુંદર, આનંદી, સંસાર પ્રત્યે અસારતા, તપ, ત્યાગ, વૈરાગ્ય અને ભજન-ભક્તિમય જીવન, ભગવાન અને સંતોમાં હેત આ બધા ગુણોથી તેઓ અન્ય બાળકો કરતા સાવ જુદા જ તરી આવતા. બાલ્યાવસ્થામાંથી હવે તેઓ તરુણ અવસ્થાએ પહોંચ્યા અને સદ્. મુનિસ્વામીનો ભેટો થયો. તેઓની સાથે અપ્રતિમ પ્રીતિ અને આત્મબુદ્ધિ કરી અતિશય રાજીપો પ્રાપ્ત કર્યો તથા ગુરુની આજ્ઞા થતાં જે હેતુ માટે ભગવાન સ્વામિનારાયણ લાવ્યા હતા તે હેતુને સિદ્ધ કરવા દેવુભાઈ સંવત 2012માં (ઈ.સ. 1956) ત્યાગાશ્રમ સ્વીકારી સાધુ દેવનંદનદાસ એવું નામ ધારણ કરી સદ્. ગોપાળાનંદ સ્વામીની પેઢીના ખરા વારસદાર બની રહ્યા.
- ત્યાગાશ્રમ સ્વીકાર્યા બાદ સદ્. મુનિસ્વામીએ તેઓને કહ્યું કે, "તમે થોડા વહેલા આવ્યા હોત તો તમને પગલાં-પદાર્થ જે કાંઈ હતું તે આપી શક્યો હોત. હવે તેમાંનું કશું જ નથી." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "દયાળુ, મારે એમાંનું કશું જ જોઈતું નથી. મને તો તમારા સિદ્ધાંતનો વારસો આપો." આટલું સાંભળી સદ્. મુનિબાપા અત્યંત રાજી થઈ ગયા અને પોતાના સિદ્ધાંતનો વારસો આપી કારણ સત્સંગની અમીરપેઢીના અમીર વારસદાર બનાવી દીધા. સદ્. મુનિબાપાની પ્રસન્નતા અને તેઓની સર્વોપરી ઉપાસના અને સિદ્ધાંતોના પ્રવર્તનની અજોડ નેમ કે જેણે વિરોધોના વંટોળો વચ્ચે પણ દિગ્વિજયના ગગનભેદી નાદ ફૂંક્યા. અપમાન, તિરસ્કાર, નાણાં, માણાં અને પાણાની અછત, જોડમાં સાધુની અછત, ધાક-ધમકી અને દબાવ આ બધી કાંટાળી કેડીઓ ઉપર એકમાત્ર શ્રીજીમહારાજના બળથી ને કર્તાપણાથી તેઓશ્રી હસતે મુખે ચાલ્યા.



**અનંત જીવોને શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા અને ગુરુ મુનિબાપાનો મહિમા સમજાવતા ગુરુદેવ પ.પૂ. બાપજી**



- વળી, પોતાના ઉત્તમ શિષ્ય ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની (પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી) ઉત્તમ ભેટ મળતાં તેઓ સંપ્રદાયની પ્રથાના બંધનોમાંથી નિર્બંધ થયા. સન 1987માં શુદ્ધ ઉપાસનાયુક્ત ગગનચુંબી શિખરબદ્ધ મંદિરની તેઓશ્રીએ સૌપ્રથમ વાસણા, અમદાવાદ ખાતે રચના કરી અને સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાનો (એસ.એમ.વી.એસ.) ઉદય કર્યો. ત્યારબાદ પોતે જે સર્વોપરી કાર્ય કરવા પધાર્યા હતા તેનાં દ્વાર ખુલ્લાં મૂક્યાં અને શરદપૂર્ણિમાનો ચંદ્ર જેમ સોળે કળાએ ખીલે તેમ શ્રીજીમહારાજનો સંકલ્પ પણ સોળે કળાએ ખીલ્યો. તેઓશ્રીએ શ્રીજીસંમત સનાતન, સર્વોપરી અને વાસ્તવિક સિદ્ધાંતો તથા ઉપાસના જે જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવ્યાં હતાં તેને છડેચોક પ્રવર્તાવ્યાં. વળી, એકમાત્ર મહારાજ અને મુક્તોની જ મંદિરોના સિંહાસનમાં પ્રતિષ્ઠા કરી શુદ્ધ અજોડ ઉપાસનાયુક્ત મંદિરોની રચના કરી, સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં શુદ્ધ ઉપાસનાની ક્રાંતિ આણી.





## વિશેષ પરિચય



- શાસ્ત્રોમાં રહેલા પરોક્ષાર્થના વચનોને ગૌણ કરી સ્વમુખવાણી વચનામૃતના જ શબ્દે શબ્દની વાસ્તવિક સમજૂતી આપી શુદ્ધ સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ દ્રઢ કરાવી. એથી જ તેઓશ્રી સમગ્ર સંપ્રદાયમાં 'વચનામૃતના આચાર્ય' તરીકે વિખ્યાતિ પામ્યા છે. તેઓશ્રીએ વર્તનશીલ અને દિવ્યજીવન જીવતા તથા ધર્મ-નિયમમાં સુદૃઢ એવા બહોળા સંત સમાજ તથા હરિભક્ત સમાજની રચના કરી છે.
- આ ઉપરાંત, સમગ્ર સમાજમાં સ્વામિનારાયણ સંપ્રદાયનાં સિદ્ધાંતો તથા સનાતન મૂલ્યો દ્રઢ થાય અને ભારતીય પ્રણાલિકા તથા ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય તે માટે



'સ્વામિનારાયણ દિગ્વિજય મંડળ' પ્રવૃત્તિનો પ્રારંભ પણ તેઓશ્રીની જ દિવ્ય પ્રેરણાથી થયો છે. વળી, તેઓશ્રીની જ દિવ્ય પ્રેરણાથી સમાજ ઉત્થાન માટે ગુરૂકુલો તથા શૈક્ષણિક સંકુલોની સેવા, આરોગ્ય સેવા, રાહત સેવાકાર્યો, આદિવાસી ઉત્કર્ષ સેવાપ્રવૃત્તિ અને મહિલા ઉત્કર્ષ સેવાપ્રવૃત્તિઓ કાર્યરત છે. ગુરુદેવ પ.પૂ. બાપજીના 'કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના' દિવ્ય સંકલ્પ અનુસાર દેશ-પરદેશમાં ઠેર ઠેર કારણ સત્સંગ ઝડપભેર વિસ્તરી રહ્યો છે.



## અનુગામી

- પોતાના આધ્યાત્મિક અને વ્યવહારિક વારસદાર એવા અનુગામી સત્પુરુષ તરીકે ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી) નિમણૂક કરી છે.

## અંતર્ધાન તિથિ

- સંવત 2075, શ્રાવણ વદ છઠ્ઠ

## અંતર્ધાન તારીખ

- 22-08-2019

## અંતર્ધાન સ્થળ

- SMVS વાસણા મંદિર (મુખ્ય મંદિર),
- શહેર - અમદાવાદ, રાજ્ય - ગુજરાત, દેશ – ભારત



ગુરુદેવ પ.પૂ. બાપજીની અંતિમ વિધિ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે કરવામાં આવી.

## આ લોકમાં દર્શન

- 87 વર્ષ (સંવત 1989 થી સંવત 2075)
  (ઈ.સ. 1933 થી ઈ.સ. 2019)

## અંતિમ ભલામણ

1. સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા દ્રઢ કરીને રાખજો.
2. નિયમ-ધર્મમાં કદી ફેર ન પડવા દેશો.
3. સર્વે સંતો-હરિભક્તો બધા સંપીને રહેજો.





## પ. પૂ. અ. મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામી (ગુરુવર્ય પ. પૂ. સ્વામીશ્રી)

### પ્રાગટ્ય ગાથા

- ગુરુદેવ પ.પૂ. બાપજીનું જે હેતુ માટે પ્રાગટ્ય હતું તેને પૂર્ણ કરવા માટે પોતાના ક્રાંતિકારી કાર્યના પ્રારંભ અગાઉથી જ પૂર્વાપર આયોજન રૂપે તેઓશ્રીએ અમીરપેઢીના સમર્થ સદ્. મુનિબાપાને દદુકા ગામના પ.ભ. શ્રી કેશવલાલ ઠક્કરના ઘેર પુત્રનાં પારણાં બંધાય અને એ પુત્ર પણ મહારાજ પોતાના મુક્ત સ્વરૂપે મોકલે તેવી પ્રાર્થના કરી. ત્યારે સદ્. મુનિબાપાએ આશીર્વાદ આપ્યા કે, "જાવ, એક નહિ બે પુત્ર થશે; પરંતુ આધા તુમ્હારા, આધા હમારા." સદ્. મુનિબાપાના સંકલ્પ-આશીર્વાદ અનુસાર તા. 8-10-1959ના રોજ પ્રાગટ્ય થયું 'આધા હમારા' એટલે મુક્તરાજ ઘનશ્યામભાઈ (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
- તપ, ત્યાગ, વૈરાગ્ય, સાદગી, ભજન-ભક્તિમય જીવન, સંસાર પ્રત્યે સંપૂર્ણ અનાસક્તિ આદિ કલ્યાણકારી ગુણોથી એમની પ્રતિભા બાલ્યાવસ્થાથી જ જુદી તરી આવતી. બાલ્યાવસ્થાથી જ સદ્. મુનિબાપા સાથે એવી અપ્રતિમ પ્રીતિ અને આત્મબુદ્ધિ કેળવી તેઓશ્રી સદ્. મુનિબાપાનો અતિશે રાજીપો કમાયા હતા. અવરભાવમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો (CA) ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી તેઓશ્રી સન 1978માં સૌપ્રથમ ગુરુદેવ પ.પૂ. બાપજીના યોગમાં આવ્યા અને જાણે 'પ્રથમની પ્રીત હતી ને પ્રથમ મેળાપ થયો' તેમ સમુદ્રનું પાણી સમુદ્રમાં સમાઈ ગયું એ ન્યાયે મુક્તરાજ ઘનશ્યામભાઈ ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પમાં હોમાઈ ગયા. ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે અપ્રતિમ પ્રીતિ કરી, આત્મબુદ્ધિ કરી રાજીપો કમાયા.









- તા. 7-10-1980ના રાતના 12 વાગ્યે "તમે આ લોકનું ઓડિટ કરવા નથી આવ્યા, તમે તો અનંત જીવોનું ઓડિટ કરી ઠેઠ મૂર્તિના સુખની સહી કરવા માટે આવ્યા છો. માટે તૈયાર થઈ જાવ. જે હેતુ માટે મહારાજ આપને લાવ્યા છે તે સમય પાકી ચૂક્યો છે." આવી ગુરુની હાકલ થતાં જ મુક્તરાજ ઘનશ્યામભાઈએ ગૃહત્યાગ કરી દીધો.



- જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંતોને ઉજાગર કરવા માટેના વિરોધોના વંટોળ વચ્ચે મુક્તરાજ ઘનશ્યામભાઈની સંત દીક્ષા નક્કી થઈ. મહારાજનો સંકલ્પ કંઈક જુદો જ હતો. તેથી વરતાલના 18માં વચનામૃતમાં જણાવેલ અભિપ્રાય મુજબ "તમારા સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા ને ઇષ્ટદેવ હું જ છું." આ મુજબ ઘનશ્યામનગર, અમદાવાદ મંદિરમાં ભગવાન સ્વામિનારાયણ અને વ્હાલા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સમક્ષ તા. 18-12-1980ના રોજ સાંજે 4 વાગ્યે ભાગવતી દીક્ષા વિધિનો પ્રારંભ થયો. આ ભાગવતી દીક્ષા સ્વયં શ્રીજીમહારાજ પોતે આપે છે તેવું પ્રગટપણું જણાવતાં ભગવાન સ્વામિનારાયણે પોતાના સ્વહસ્તે પ્રગટપણે પાર્ષદવર્ય ઘનશ્યામ ભગતના ભાલ મધ્યે ચાંદલો કર્યો, કંઠમાંથી હાર પહેરાવ્યો અને વસ્ત્રો આપ્યાં તથા આશીર્વાદ આપતાં કહ્યું, "આ દીક્ષા તને હું આપું છું. ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમે પૂરો કરીશું અને એને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. માટે અમે સદાય તારા ભેળા છીએ." મહાપ્રભુના આશીર્વાદે આ પાર્ષદમુક્તનું નામ આપ્યું, "સાધુ સત્યસંકલ્પદાસ". આ દિવ્ય ભાગવતી દીક્ષાનાં દિવ્ય દર્શન દીક્ષામાં ઉપસ્થિત ઘણા હરિભક્તોને થયાં હતાં.





## ગુરુદેવ દ્વારા વારસદારની નિમણૂક



- સંત દીક્ષા બાદ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી ગુરુદેવ પ.પૂ. બાપજીના સંકલ્પોમાં ભળી ગયા અને ગુરુદેવ પ.પૂ. બાપજીની તમામ આધ્યાત્મિક અને વ્યવહારિક ચિંતા પોતાના શિરે લઈ સમગ્ર સત્સંગ સમાજના ઘડતર માટેની દિવ્ય સેવામાં કાર્યરત થયા. ત્યારથી અધાપિ ગુરુદેવ પ.પૂ. બાપજીની રુચિ અને આજ્ઞાનુસાર ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સમગ્ર એસ.એમ.વી.એસ. સંસ્થાનું સંચાલન કરી રહ્યા છે. તા. 28-12-2012ના રોજ સંસ્થાના 'રજત જયંતી મહોત્સવ' ઉપક્રમે હજારો અને લાખોની જનમેદની સમક્ષ ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોતાના અનુગામી આધ્યાત્મિક અને વ્યવહારિક વારસદાર સત્પુરુષ તરીકે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને ઘોષિત કર્યા હતા. વર્તમાનકાળે ગુરુદેવ પ.પૂ. બાપજીના શિષ્ય મંડળમાં સૌ સંતો ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના રાજીપામાં નિરંતર વર્તે છે તથા સમગ્ર હરિભક્ત સમાજ પણ તેઓના રાજીપામાં નિરંતર વર્તે છે.











## દિવ્ય આશીર્વાદ

- સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનનો ગુરુપૂર્ણિમાનો અવસર રાજકોટ મુકામે તા. 14-07-2019ને રવિવારે સવારે 8 થી 1 કલાક દરમ્યાન વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુદેવ પ.પૂ.બાપજીની આજ્ઞાથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયો ત્યારે રાજકોટ ઝોનના ગુરુપૂર્ણિમા પ્રતીક ઉત્સવ નિમિત્તે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ સવારમાં વહેલા 5:30 વાગ્યે ગાંધીનગરથી રાજકોટ જવા માટે પ્રસ્થાન કર્યું. રસ્તામાં દરરોજના નિત્યક્રમ મુજબ સવારના 7:15 વાગ્યે વિડિયો કોલમાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કર્યાં અને સ્વાસ્થ્ય અંગેના સમાચાર પૂછ્યા. ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ પ્રાર્થના કરી કે, "બાપજી, અત્યારે આપની આજ્ઞાથી સૌરાષ્ટ્ર ઝોનની ગુરુપૂર્ણિમાનો ઉત્સવ રાજકોટ ખાતે રાખ્યો છે તેમાં જવા માટે નીકળ્યા છીએ. આ ઉત્સવમાં આપ ભેળા રહેજો." આટલી પ્રાર્થના જ્યાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ કરી ત્યાં તો ગુરુદેવ પ.પૂ. બાપજીનું મુખારવિંદ અતિશે આનંદથી ભરાઈ આવ્યું. ગુરુદેવ પ.પૂ. બાપજીએ એકદમ આનંદમાં ને રાજીપામાં આવી હાસ્ય રેલાવ્યું અને પ્રસન્નવદને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને દિવ્ય આશીર્વાદ આપ્યા : "હું સદાય તારી ભેળો જ છું. તું જે જે કરે છે તે બધું હું જ કરું છું. કારણ કે તું એ હું છું અને હું એ તું છું એમ જ સમજવું." આવા ખૂબ ખૂબ દિવ્ય અને અલૌકિક આશીર્વાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આપી એવો બોધ પાઠવી દીધો કે, "તમારે સર્વેએ અમને અને સ્વામીશ્રીને જુદા સમજવા જ નહીં. એ અને અમે જુદા નથી. એ તે અમે જ છીએ ને અમે તે એ જ છે. એમ અમે બંને એક જ છીએ. માટે સ્વામી જે કરે છે ને અમે જે કરીએ છીએ તે બીજાને દેખાય છે પરંતુ બેય દ્વારા સ્વયં મહારાજ જ બધું કાર્ય કરે છે. સ્વામીશ્રી દ્વારા અમે સદાય છીએ, છીએ ને છીએ જ. એવો મહિમા તમારે સૌએ સ્વામીનો સમજવો."
- આમ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ રાજકોટ ગુરુપૂર્ણિમા ઉત્સવના પૂર્વ દિને આદેશ આપી દીધો કે, "જેમ અમારો સર્વે સંતો-ભક્તોએ ગુરુ તરીકે સ્વીકાર કર્યો છે તેમ હવે સૌએ સ્વામીનો ગુરુભાવે જ સ્વીકાર કરવો."








## 7) SMVS સંસ્થાના મંદિરોનો પરિચય



SMVS સંસ્થાના ગુજરાતના મંદિરોની વધુ માહિતી માટે અહીં ક્લિક કરો.

- **સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરો**

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય પ્રેરણાથી ભારતના જુદા જુદા રાજ્યોમાં આશરે 110 કરતાં પણ વધુ નાનાં-મોટાં મંદિરો તેમજ વિદેશમાં નાનાં-મોટાં 15થી વધુ મંદિરો નિર્માણ પામી ચૂક્યાં છે. વળી, મંદિર નિર્માણનો મહાયજ્ઞ આરંભવાના અતિ આગ્રહી ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દૂરગામી દ્રષ્ટિકોણને લીધે નજીકના ભવિષ્યમાં નિર્માણ પામનાર સેંકડો નૂતન મંદિરો માટે પણ જુદા જુદા રાજ્યોમાં આશરે 100 કરતાં પણ વધુ જમીનો સંપાદન થઈ ચૂકી છે.


સેટેલાઈટ


ઘાટલોડિયા


ગોતા


બાવળા


સાણંદ


વાસણા (શિખરબદ્ધ મંદિર)

## • સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરો


કાલુપુર


વિજાપુર


પાટણ


ઊંઝા


કડી


વિસનગર


મહેસાણા (શિખરબદ્ધ મંદિર)

- ## સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરો



નિકોલ


વસ્ત્રાલ


નરોડા


ઇસનપુર


સ્વામિનારાયણ ધામ


ચાંદખેડા



ઘનશ્યામનગર (આદ્ય મંદિર)

- **સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરો**













































- ## સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરો















































“બાલ્યાવસ્થા એટલે કુમળો છોડ. કુમળા છોડને જેમ વાળો તેમ વળે. એ જ રીતે બાળકને પણ બાલ્યાવસ્થામાં જેવી રીતે વાળીએ તેમ વળે. પરંતુ જરૂર છે તેને યોગ્ય દિશામાં વાળનારની, ઘડતર કરનારની. વળી, એ જ રીતે બાળક એટલે કોરી સ્લેટ. કોરી સ્લેટમાં જે લખીએ તે લખાય, જેવું લખીએ તેવું લખાય, જેટલું લખીએ તેટલું જ લખાય. એવી જ રીતે બાળકોનું જીવન પણ કોરી સ્લેટ જેવું છે. તેમના જીવનમાં પણ જેટલું કંઈ લખવું હોય અર્થાત સિંચન કરવું હોય તેટલું કરાય અને જેવું કરવું હોય તેવું કરાય. પરંતુ આ માટેનો મુખ્ય આધાર બાળકોને નિરંતર મળતાં સંગ, વાતાવરણ, શબ્દો તથા વર્તન ઉપર રહેલો છે.”








7 વર્ષની ઉંમરથી લઈને 13 વર્ષની ઉંમરનાં બાળકો માટે બાળ-બાલિકા મંડળો સંસ્થાના સત્સંગ પ્રવૃતિ કાર્યાલયના માર્ગદર્શન હેઠળ દેશ-પરદેશમાં 600 કરતાં પણ વધુ સંખ્યામાં કાર્યરત છે જેમાં દર અઠવાડિયે 15,000 કરતાં પણ વધુ બાળ-બાલિકાઓ બાળ-બાલિકા મંડળોનો લાભ લે છે.










Winter
Camp










ABS
Winter
Camp






Be Ideal
Camp
0
2
3
4
5
6




SMVS માટે





## 9) SMVS સંસ્થાની યુવા પ્રવૃત્તિ





* આદિવાસી વિસ્તારોથી માંડી અમેરિકા જેવા સુવિકસિત દેશોમાં ઊછરેલા યુવાનો દારૂ, માંસ, જુગાર, વ્યભિચાર વગેરે જેવા દૂષણોમાં ફસાયેલા છે જેના લીધે આજની યુવા પેઢીમાં આજ્ઞાપાલકતા, વિવેક-મર્યાદા, આદર-સત્કાર, પૂજ્યભાવ, સંપ- સુહૃદભાવ-એકતા આ બધા સંસ્કારો નાશ પામતા જાય છે. આજના યુવાનમાં દેશ અને સમાજના ઉત્થાન અને વિકાસની તાકાત છે.



તેનામાં વૈશ્વિક સંસાધનો અને પરિવર્તનની ક્રાંતિ સામે પડકાર ઝીલવાની શૌર્યતા છે પરંતુ તેની પાસે સાચી દૃષ્ટિ નથી. આવા યુવા વર્ગના પ્રેરક અને પોષક બન્યા વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ યુવા વર્ગની ઉત્ક્રાંતિ માટે ઈ.સ. 1987માં સ્વામિનારાયણ દિગ્વિજય મંડળ અન્વયે કિશોર-યુવક મંડળોનું સ્થાપન કર્યું હતું જેમાં યુવા વર્ગનું સર્વાંગી ઘડતર, માર્ગદર્શન તથા પરિવર્તન કરવામાં આવે છે. હાલ 250 કરતાં પણ વધુ યુવક અને યુવતી મંડળો ચાલી રહ્યાં છે જેમાં 25,000 કરતાં પણ વધુ મુક્તો લાભ લઈ રહ્યા છે.



- આદર્શતાના માર્ગે આગળ વધવા માટે વ્હાલા ગુરુજીના દિવ્ય સંકલ્પે આદર્શ પ્રોજેકટની રચના કરવામાં આવી છે. જેમાં વિવિધ લેવલ પ્રમાણે આદર્શ બાળસભા (ABS), આદર્શ કિશોર સભા (AKS), આદર્શ યુવા પ્રોજેક્ટ (AYP) અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં પદ્ધતિસરનું જ્ઞાન પીરસવામાં આવે છે અને તેમને વ્હાલા ગુરુજીના સંકલ્પ મુજબ આદર્શતાના માર્ગે આગળ વધારવામાં આવે છે. 6000 કરતાં પણ વધુ મુક્તો આદર્શ પ્રોજેકટમાં જોડાયેલા છે અને આદર્શ પ્રોજેક્ટનો લાભ લઈ ઉત્કૃષ્ટ દિવ્યજીવન જીવી રહ્યા છે.



આધ્યાત્મિકતાના માર્ગે આગળ વધવા માટે વ્હાલા ગુરુજીના સંકલ્પથી દેશ-વિદેશના 300 કરતાં પણ વધુ કપલો નાની-મોટી ઉંમરમાં બ્રહ્મચર્યના માર્ગે આગળ વધી રહ્યા છે અને અનાદિમુક્તના અત્યુત્તમ સુખને પામવા માટે દિન-રાત સાધના કરી રહ્યા છે.



## 10) અઠવાડિક સત્સંગ સભાનો હેતુ

1. સજ્જન મનુષ્ય બનવા એટલે કે માનવતાના સદગુણો દ્રઢ કરવા માટે અઠવાડિક સભા છે.
2. જેમ દેહને દરરોજ સ્નાન કરાવવું પડે તેમ આત્માને સ્નાન કરાવવાનું માધ્યમ એટલે કથાવાર્તા.
3. પૂ. સંતોનાં દર્શન કરવા માટે તેમજ પૂ. સંતોની કથાવાર્તાનો લાભ લેવા માટે સત્સંગ સભા છે.
4. અઠવાડિયા દરમ્યાન મનને શાંત કરવા માટેનું માધ્યમ એટલે જ સત્સંગ સભા.
5. આત્મારૂપી બેટરીને ચાર્જ કરવા માટેનું માધ્યમ એટલે સત્સંગ સભા.
6. અનેક વિટંબણાઓથી આપણે ઘેરાયેલા છીએ જેમાંથી મુક્તિ મેળવવાનું સ્થાન એટલે સત્સંગ સભા.
7. ભગવાનના માર્ગે આગળ વધવા માટેનું પગથિયું એટલે સત્સંગ સભા.



## 11) આપણા પૂ. સંતો

- દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના 100 જેટલા સંતો-પાર્ષદો જન જન સુધી પહોંચી અજ્ઞાનને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.
- આપણા પૂ.સંતો શ્રીજીમહારાજ પ્રબોધિત પંચવર્તમાને યુક્ત અણીશુદ્ધ જીવન જીવી રહ્યાને અનેક સત્સંગી-બિનસત્સંગીને પ્રેરણા આપી રહ્યા છે.
- આપણા પૂ.સંતો સ્ત્રી-ધનનો સંપૂર્ણ ત્યાગ રાખીને સત્સંગની, સમાજની અને દેશની સેવા સંભાળી રહ્યા છે.
- શ્રીજી અર્થે જીવન જીવવાવાળા યુવાનો માટે 'સાધક તાલીમ કેન્દ્ર' - STK તથા 'સમર્પિત સેવક પ્રથા' - SSP કાર્યરત છે. જેમાં STKમાં 25 યુવાનો સાધના કરી રહ્યા છે તથા SSPમાં 25 યુવાનો સેવા સાધના કરી રહ્યા છે. આ બધાનું નેતૃત્વ વ્હાલા ગુરુજી કરી રહ્યા છે.



## 12) આપણા પૂ. સંતોનાં પંચવર્તમાન















## 13) SMVS સંસ્થાની યુવતી પ્રવૃત્તિ













- ભગવાન સ્વામિનારાયણે નીલકંઠ વર્ણી વેષે સદ્. રામાનંદ સ્વામીના આશ્રમમાં સ્વામિનારાયણ સંપ્રદાય માટેની એક નવી પ્રણાલિકા આરંભી. જ્યાં જ્યાં સ્ત્રી અને પુરુષનો ભેળીહાળો અર્થાત્ સંયોગ થતો હોય તેને તેઓએ દૂર કર્યો. આ કરવા પાછળ તેઓનો સ્ત્રીઓ માટે તિરસ્કાર નહોતો પરંતુ સ્પષ્ટ હેતુ હતો. સ્ત્રી અને પુરુષનો સંયોગ થાય ત્યાં ધર્મ દ્રઢ ન રહે. માટે સ્ત્રીઓ સ્ત્રીઓ ભેળા થઈને ભગવાન ભજે તથા પુરુષો પુરુષો ભેગા થઈ ભગવાન ભજે જેથી ચારિત્ર્યની દ્રઢતા જળવાયેલી રહે. આવા સ્પષ્ટ હેતુથી જ તેઓએ સમગ્ર ભારત સમાજમાં સ્ત્રીઓ પરત્વે એ સમયમાં જે નફરત, તિરસ્કાર તથા તુચ્છતા હતી તેને બદલી સમાજમાં સ્ત્રીઓને એક નવું સ્થાન આપ્યું.
- પુરુષોની જેમ સ્ત્રીઓ પણ ભગવાન ભજી શકે તથા સંસારથી વિરક્ત બની ત્યાગાશ્રમ સ્વીકારી શકે તેવી પ્રણાલિકા પ્રાંરભી. આ માટે પોતાની હયાતીમાં 'સાંખ્યયોગી બહેનો'ની પ્રણાલિકાનો પ્રારંભ કરાવ્યો. ભગવાન સ્વામિનારાયણના આ યુગકાર્યને અનુસરી તેમાં સાંપ્રત સમાજવ્યવસ્થા તથા વિષયમય જીવનશૈલીને ધ્યાનમાં લઈ આ પ્રણાલિકાના નિયમોને વધુ સજ્જ કરી ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા મહિલા વિભાગનો પ્રારંભ કરવામાં આવ્યો છે.





તા. 22-02-2001ના રોજ મહિલા વિભાગની સ્થાપના સ્વામિનારાયણ મંદિર વાસણા, અમદાવાદ ખાતે થઈ. વળી, તા. 01-01-2002ના મંગલકારી દિને વ્હાલા હરિકૃષ્ણ મહારાજની મહિલા વિભાગ ખાતે પધરામણી થઈ. વરતાલના 18માં વચનામૃત મુજબ ત્યાગાશ્રમના માર્ગે ચાલનાર મુમુક્ષુ મહિલાઓએ હરિકૃષ્ણ મહારાજને પ્રગટ-પ્રત્યક્ષ જાણી ત્યાગાશ્રમની દીક્ષા ગ્રહણ કરી.

- મહિલા વિભાગમાં 101 જેટલા પૂ. મહિલા ત્યાગીમુક્તો છે. જેઓ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવા રાજ્યોમાં તથા અન્ય 10 જેટલા દેશોમાં ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સિદ્ધાંત પ્રવર્તનની તથા સમાજ જાગૃતિની સેવા કરી રહ્યા છે.

- શ્રીજી અર્થે જીવન જીવવાવાળા યુવતીમુક્તો માટે 'સાધક તાલીમ કેન્દ્ર' - STK તથા 'સમર્પિત સેવક પ્રથા' - SSP કાર્યરત છે. જેમાં STKમાં 38 યુવતીમુક્તો સાધના કરી રહ્યા છે તથા SSPમાં 36 યુવતીમુક્તો સેવા સાધના કરી રહ્યા છે. આ બધાનું નેતૃત્વ વરિષ્ઠ મહિલા ત્યાગીમુક્ત પૂ. જાગુબેન કરી રહ્યા છે. આ 'મહિલા ત્યાગીમુક્ત' સમાજની વિશિષ્ટતા એ છે કે તેઓ દ્રવ્યનો સ્પર્શ કરતા નથી. પુરુષનો પણ અષ્ટ પ્રકારે ત્યાગ રાખે છે.

- મહિલા વિભાગ એ **SMVS** સંસ્થાનું મહિલા ઉત્કર્ષ માટેનું એક અવિભાજ્ય અંગ છે. જેનું સંપૂર્ણ સંચાલન **SMVS** સંસ્થા દ્વારા જ કરવામાં આવે છે.







## 14) SMVS સંસ્થાની વિદેશ સત્સંગ પ્રવૃત્તિ




SMVS સંસ્થાના વિદેશના મંદિરોની વધુ માહિતી માટે અહીં ક્લિક કરો.




પરદેશની ભૂમિ ઉપર અનંત મુમુક્ષુઓ છે જે પશ્ચિમી સંસ્કૃતિમાં રહેવા છતાં તેનાથી જુદા રહી અધ્યાત્મ તરફ વળવા માગે છે. એ જ રીતે ભારતમાંથી પરદેશની ભૂમિ ઉપર સ્થાયી થયેલા અનેક મુમુક્ષુઓ પણ ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ ઓળખે તથા પશ્ચિમી વાયરામાં લપેટાવાને બદલે ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી સુખને પામે તે હેતુ માટે જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સૌપ્રથમ ઈ.સ. 1995માં પરદેશમાં  ઇંગ્લેંન્ડની ભૂમિ ઉપર સત્સંગનાં બી વાવ્યાં હતાં.



- દિન-પ્રતિદિન વિદેશમાં સત્સંગનો વ્યાપ વધતો ચાલ્યો. જેમાં અમેરિકા ખાતે જર્સીસિટી, એટલાન્ટા, બોસ્ટન, ચેરીહિલ, સાનફ્રાન્સિસ્કો, એડિસન, શિકાગો ખાતે તેમજ ઇંગ્લેંન્ડ (લંડન) અને કેનેડા (ટોરેન્ટો) ખાતે તેમજ દુબઈ ખાતે મંદિરોનું નિર્માણ થયું. આ સાથે ઓસ્ટ્રેલિયા (મેલબોર્ન, બ્રિસ્બેન , સિડની), ન્યુઝીલેન્ડ તથા આફ્રિકામાં કેન્યા, યુગાન્ડા આદિ દેશોમાં પણ સત્સંગનો વ્યાપ વધવા લાગ્યો. જેના પરિણામ સ્વરૂપે આજે પરદેશની ભૂમિ ઉપર 15થી વધુ મંદિરો તથા સત્સંગ કેન્દ્રો નિર્માણ પામ્યાં છે જેમાં 20થી વધુ મુખ્ય સત્સંગ મંડળો કાર્યરત છે અને 30 થી પણ વધુ બાળ-બાલિકા મંડળો છે. તેમજ 80 કરતાં વધુ યુવક-યુવતી મંડળો છે.



London

- અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં અવાર નવાર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સંસ્થા દ્વારા થતું હોય છે. અને સંસ્થા દ્વારા અમેરિકા, કેનેડા, યુગાન્ડા, ઇંગ્લેન્ડ જેવા દેશોમાં કોરોના કાળ દરમ્યાન કોરોના રાહત કાર્ય જેવા કે ફ્રી ફ્રૂટ સર્વિસ અને દવાઓનું વિતરણ લાંબા સમય સુધી કરવામાં આવ્યું હતું.
- સાથે સાથે આફ્રિકાના પછાત દેશોમાં બાળકોને શૈક્ષણિક સહાય, કપડાં તેમજ ચંપલ વિતરણ જેવી સામાજિક પ્રવૃત્તિ પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે જે ભારત માટે ગૌરવની વાત છે.



Jersey City - NJ


Cherry Hill - NJ


SWAMINARAYAN TEMPLE
ATLANTA
SMVS
Atlanta - GA


SMVS Swaminarayan Mandir - Chicago
Chicago-Illinois
Chicago - IL


Melbourne - VIC



Sydney - NSW



# अनादिमुक्त विश्वम्



1. હજારોને બ્રહ્મવિદ્યા શિખવાડવા માટે અને બ્રહ્મવિદ્યાને સાર્થક કરાવવાનું સેન્ટર એટલે અનાદિમુક્ત વિશ્વમ્.
2. ગઢડા પ્રથમના 20મા વચનામૃતમાં જણાવ્યા મુજબ પોતાના સ્વરૂપને ઓળખીને તેને ભોગવવાનો અવસર, ભોગવવા માટેનું તીર્થસ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.
3. ગઢડા પ્રથમના 32મા વચનામૃતમાં જણાવ્યા મુજબ કથાવાર્તારૂપી ચારો ચરીને હજારો અને લાખોને મૂર્તિરૂપી માળામાં વિરામ કરાવવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.
4. ગઢડા પ્રથમના 51મા વચનામૃતમાં જણાવ્યા મુજબ હજારોને પુરુષોત્તમની દ્રષ્ટિ કરાવવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.
5. ગઢડા મધ્યનું 13 તથા 14મા વચનામૃતમાં જણાવ્યા મુજબ તદાત્મકપણુંને નિરુત્થાનપણું કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.
6. ગઢડા મધ્યનું 45મા વચનામૃતમાં જણાવ્યા મુજબ તલમાત્ર કસરથી રહિત કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.
7. ગઢડા છેલ્લાના 39મા વચનામૃતમાં જણાવ્યા મુજબ આત્માને પરમાત્મા જોડે વેગ લગાડવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્વમ્.






8. ગઢડા છેલ્લાના 13મા વચનામૃતમાં જણાવ્યા મુજબ શ્રીજીમહારાજની રુચિ મુજબ વન-પર્વતમાં જઈને અખંડ ધ્યાન કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ્.
9. પ્રતિલોમપણે સાધનાએ કરીને છતે દેહે મૂર્તિનું સુખ પામવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ્.
10. બાપાશ્રીની પહેલા ભાગની 167મી વાતમાં આશીર્વાદ આપ્યા છે કે, "જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઇ જાય અગર છ મહિનાને માંહે પણ મૂર્તિ સિદ્ધ થઈ જાય." 6 માસે મૂર્તિ દેખવાનું સ્થાન, સ્થિતિ કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ્.
11. અનંત સ્વરૂપાનંદ સ્વામી અને અનંત પર્વતભાઈ સર્જવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ્.
12. સોક્રેટિસ જેવાં અનંત પાત્રો તૈયાર કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ્.
13. રતુખાંટ જેવા અનંત પાત્રો તૈયાર કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ્.
14. જનકરાજા જેવા નિર્લેપ અને નિર્વિકારી અનંત પાત્રો તૈયાર કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ્.
15. મહાસમર્થ સમગ્ર સદ્ગુરુશ્રીના સંકલ્પોને સાકાર કરવાની ભૂમિ એટલે અનાદિમુક્ત વિશ્રામ્.

SMVS CHARITIES

Change the World

## 16) SMVS સંસ્થાની આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિ



• ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય પ્રેરણાથી પૂ. સંતો પણ આ પંચમહાલની ધન્ય ધરા ઉપર રાત્રિ-દિવસ હાડમારી સહન કરીને પણ વિચરણ કરી રહ્યા છે. ગુરુદેવ પ.પૂ. બાપજીનો અત્યંત રાજીપો, ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા થયેલ દિવ્યજીવનના ગુણોનું સિંચન તથા પૂ. સંતો દ્વારા મળતા નિરંતરના સત્સંગથી પશુ કરતાં પણ વધુ બદતર જીવન જીવતા આદિવાસી હરિભક્તો આજે દિવ્યજીવનના માર્ગે ચાલી આદર્શ ભક્ત અને મુક્તજીવન જીવી રહ્યા છે.







- કુરિવાજો, અંધશ્રદ્ધા, વહેમ; તો વળી, રોજ રાત પડે ઘેર ઘેર ડાકલા વાગવા, દારૂ પીને ધૂણવું, બોકડા અને કૂકડાનો બલિ ચડાવવો આ બધું જેમના જીવનમાં રોજિંદો એક ક્રમ જ બની ગયો હતો. વળી, ચોરી, લૂંટફાટ, મારઝૂડ કરી લોકોને રંજાડવા જે એમનો શોખ બની ગયો હતો. આ બધા કુસંસ્કારોમાંથી તેઓને બહાર લાવી સુસંસ્કારે યુક્ત તથા પ્રામાણિક અને નીતિમય જીવન જીવવાની પ્રેરણા એસ.એમ.વી.એસ. સંસ્થા આપી રહી છે. જેથી અનેકનાં જીવન નિર્વ્યસની બન્યાં છે.

- પંચમહાલની ભોળી પ્રજાને અનેક દુઃખોમાંથી મુક્ત કરવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગોધર ખાતે અભિષેક ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી છે જેના દ્વારા લાખો લોકોનાં દુઃખ દૂર થયાં છે. સમગ્ર પંચમહાલના 200 કરતાં પણ વધુ ગામડાંઓમાં એસ.એમ.વી.એસ.ની અનેકવિધ પ્રવૃત્તિઓ ગતિમાન છે. તદ્ઉપરાંત ગોધરા, દાહોદ, સંતરામપુર, લુણાવાડા, સુખસર, ફતેપરા, દેવગઢ બારિયા, ઘોઘંબા, સંજેલી, છોટાઉદેપુર, બોડેલી, માલપુર, વિરપુર આદિ આદિવાસી વિસ્તારોમાં મંદિર નિર્માણ થઈ ગયું છે. તો વળી, 20 કરતાં વધુ નાના મોટા મંદિર માટેની જગ્યાઓનું સંપાદન પણ થઇ ગયું છે.



- **સ્વામિનારાયણ ધામ ગુરૂકુલ :**

અર્વાચીન યુગમાં વર્તમાનકાળે જ્યારે વિષય, વ્યસન, ભોગવિલાસ અને જીવનશૈલીઓ બદલાયાં છે, એમાંય પશ્ચિમી સંસ્કૃતિના અનુકરણનો નશો નાનાથી મોટી તમામ વ્યક્તિઓમાં વ્યાપવા મંડ્યો છે ત્યારે ખરેખર ફરીથી આપણા પૂર્વકાલીન ગુરૂકુલોને પુનઃ જીવિત કરવાની જરૂર છે. જે ગુરૂકુલો દ્વારા ફરીથી એવા સદ્‌ગુણયુક્ત, ભગવદ્મય અને પ્રભુપરાયણ સત્સંગના આશરે જીવન જીવતા બાળ સમાજની રચના થાય જેથી દેશ અને સમાજનું ભવિષ્ય ઉજ્જ્વળ બને.

ગુરુદેવ પ.પૂ. બાપજી એક વિરલ અને આર્ષદ્રષ્ટા સત્પુરુષ છે કે જેઓએ આજથી વર્ષો પહેલાં આવા દિવ્ય ગુરૂકુલોની રચના કરવાનો દિવ્ય સંકલ્પ રજૂ કર્યો હતો. ગુરૂકુલની રચનાના એ દિવ્ય સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઈ.સ. 2000માં ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે વિશાળ 55 વીઘા જમીન સંપાદન કરાવી 'સ્વામિનારાયણ ધામ' એવું નામાભિધાન કર્યું. આ ભૂમિ ઉપર ઈ.સ. 2001માં તેના બાંધકામનો શિલાન્યાસ કરી માત્ર 11 માસના ટૂંકા સમયમાં ભવ્ય ગુરૂકુલ પરિસરની રચના કરી. જૂન 2002માં ગુરૂકુલનો શુભારંભ કર્યો. આ ગુરૂકુલમાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યથી અને સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ હજારો વિદ્યાર્થીઓ દિવ્યજીવનના મહારથી બની સત્સંગમાં, દેશમાં અને સમાજમાં ગુરૂકુલનું તથા સંસ્થાનું નામ રોશન કરી રહ્યા છે.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય નિશ્રામાં તથા પૂ. સંતોના નેતૃત્વ હેઠળ ચાલતા ગુરૂકુલમાં પ્રતિ વર્ષે વિવિધ પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે યોજાતી રહી છે.



* **ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યા સેવા સંકલ્પ :**

ઈ.સ. 2019માં વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની અંતર્ધાન લીલા બાદ અમદાવાદમાં રાખેલ દિવ્યાંજલિ સભામાં વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં બે પુષ્પ અર્પણ કરવામાં આવ્યાં હતાં.

1. ગોધર ગુરૂકુલ ખાતે ભણતા તમામ વિદ્યાર્થીઓ માટે બાળકોનું ગુરૂકુલ નિઃશુલ્ક કરવું.
2. સ્વામિનારાયણ ધામ ખાતે કાર્યરત ગર્લ્સ ગુરૂકુલ પણ નિઃશુલ્ક કરવું.

ગુરુદેવ પ.પૂ. બાપજીના અંતર્ધાનથી આજ દિન સુધી બંને ગુરૂકુલ સંસ્થા દ્વારા સમાજને નિ:શુલ્ક સેવા આપી રહ્યા છે.















## (1) સંકલ્પ ગુરૂકુલ (ગોધર બોયઝ ગુરૂકુલ) :

- આદિવાસી વિસ્તારના બાળકો પણ સારી ગુણવત્તાથી અભ્યાસ કરી શકે તે માટે ગોધર ખાતે ગુરૂકુલની સ્થાપના કરવામાં આવી છે. જેમાં બાળકોને અભ્યાસ કરાવવામાં આવતો હોય છે. આ બાળકોનું ગુરૂકુલ પણ નિ:શુલ્કપણે કાર્યરત છે. જે બાળકોને અત્યારે વ્હાલા ગુરુજીની દિવ્ય નિશ્રામાં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે લાવવામાં આવ્યાં છે. જેમાં રહીને બાળકો ઉચ્ચ સંસ્કારના પાઠ શીખી રહ્યા છે.

## (2) SMVS સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરૂકુલ :

- સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરૂકુલ એટલે શિક્ષણ, સંસ્કાર ને સર્વાંગી વિકાસનો ત્રિવેણી સંગમ. આ ગર્લ્સ ગુરૂકુલ ગુજરાતના પાટનગર એવા ગાંધીનગરની ભૂમિ પર આવેલ છે. તેની સમગ્ર સંચાલન વ્યવસ્થા એસ.એમ.વી.એસ. સંસ્થાના મહિલા વિભાગના પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા કરવામાં આવે છે. ઉચ્ચતમ શિક્ષણ પ્રાપ્ત કરવાની શ્રેષ્ઠ પદ્ધતિની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, આરોગ્ય સંસ્કરણ, પર્યાવરણ સુરક્ષા, કળાકૌશલ્ય-ખિલવણી, શિક્ષણને પુષ્ટ કરતી સહતાલીમો તેમજ વાલીઓને જાગૃત રાખતી આ કન્યા કેળવણીની અનેકવિધ વ્યવસ્થાકીય પ્રવૃત્તિઓ એનું એક આગવું પાસું છે.

- આમ, આ કન્યા કેળવણી સંકુલ રચી કન્યા શિક્ષણનો એક આદર્શ રાહ ચીંધનાર એસ.એમ.વી.એસ. સંસ્થાએ મહિલા સમાજના ઉત્કર્ષ માટે પાયાની સેવા અદા કરી છે. જે આજે ને આવનારા સમયમાં સૌ કોઈ માટે અતિ સહાયભૂત બની રહેશે.



- સમાજની હજારો બાલિકાઓ ગુરૂકુલમાં રહી ઉચ્ચ અભ્યાસ સાથે ઉચ્ચ કારકિર્દી ઘડી, આવતી કાલની સંનિષ્ઠ, આદર્શ યુવતી બની શ્રેષ્ઠ ઘડતર કરે તથા પ્રગટેલા સંસ્કારલક્ષી જીવનદીપથી અનેક નવા નવા દીપ પ્રગટાવી સમાજને શિસ્ત, વિનય, વિવેક, સંપ, સત્યપાલન, નીતિમત્તા આદિ મૂલ્યોથી સભર કરી દે. સમાજમાં વડીલો પરત્વે આદર-મર્યાદાના ગુણો કેળવે. ઉપરાંત પહેરવેશમાં, વર્તનમાં, વાણીમાં, સંયમી જીવન આદિ સાંસ્કૃતિક મૂલ્યો દ્રઢ કરે. સંપ, સંસ્કાર ને સદ્‌ગુણોથી ઘર, પરિવાર, સમાજ, દેશ ને વિશ્વમાં ઉચ્ચ જીવનની આદર્શતા કંડારી સ્વજીવનમાં સર્વાંગી વિકાસ સાધી શકે એવો સ્પષ્ટ હેતુ આ કન્યા કેળવણી સંકુલ પાછળનો છે.

- **SMVS** સંસ્થાના આધસ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજીની સ્મૃતિમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગર્લ્સ ગુરૂકુલને સંપૂર્ણ નિ:શુલ્ક જાહેર કર્યું છે. 145 જેટલી બાલિકાઓને વિના મૂલ્યે શિક્ષણ, ટ્યૂશન, ભોજન તથા કપડાં અપાય છે. શ્રીજી અર્થે જીવન જીવવાના સંકલ્પવાળી યુવતીઓ માટે **SMVS** ગર્લ્સ છાત્રાલય છે. જેમાં સ્નાતક કક્ષાની યુવતીઓ નિ:શુલ્ક અભ્યાસ કરી રહી છે. ગુરૂકુલમાં ઘર જેવું સ્નેહાળ વાતાવરણ બાલિકાઓ અનુભવી ઉજ્જવળ કારકિર્દી બનાવી રહ્યા છે.












Singing Competition



- **શૈક્ષણિક સંકુલો :**

21મી સદીના વૈશ્વિકીકરણના યુગમાં જ્ઞાનની અત્યંત જરૂર છે. તે માટે એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા તવંગર, ગરીબ અને મધ્યમવર્ગીય સર્વે વર્ગના પરિવારોને પોષાય તેવાં નૂતન શૈક્ષણિક સંકુલો સમયે સમયે સ્થપાતાં રહ્યાં છે.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની નિશ્રામાં એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં અનુક્રમે ત્રણ મોટાં મોટાં શૈક્ષણિક સંકુલોની સ્થાપના થઈ છે. જેમાં સૌપ્રથમ શૈક્ષણિક સંકુલ સંસ્થાના આદ્ય મંદિર વાસણાની બાજુમાં આવેલ છે. આ ‘ડિવાઇન લાઇફ સ્કૂલ’ નામક શાળાની સ્થાપના ઈ.સ. 2005માં ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં થઈ હતી. ત્યારબાદ અનુક્રમે ઈ.સ. 2006માં સંસ્થાના વડામથક સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે પણ 'સ્વામિનારાયણ ધામ ઇન્ટરનેશનલ સ્કૂલ'ની તેમજ ઈ.સ. 2012માં ભવ્ય શિખરબદ્ધ એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિર, નરોડાના દિવ્ય પ્રાંગણમાં 'ડિવાઇન લાઇફ ઇન્ટરનેશનલ સ્કૂલ'નું પદાપર્ણ બંને દિવ્યપુરુષોની નિશ્રામાં થયું હતું.












- ## અન્ય શૈક્ષણિક સેવાઓ :

આજના મોંઘવારીના યુગમાં પ્રાથમિકથી માંડીને ડિપ્લોમા-ડિગ્રી, તબીબી શિક્ષણ આદિ વિદ્યા શાખાઓમાં અભ્યાસ કરતા અનેક વિદ્યાર્થીઓનાં મા-બાપની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને લીધે તેઓ અભ્યાસ છોડી દે છે કાં તો કમને અભ્યાસ છોડવો પડતો હોય છે. ત્યારે આવા અનેક જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે શૈક્ષણિક નાણાંકીય સહાય સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે. શૈક્ષણિક સહાયક શિષ્યવૃત્તિની ચાલતી યોજના દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી અનેક જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સવિશેષ સહાયની રકમ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

સમાજમાં ચાલતી સ્વૈચ્છિક એન.જી.ઓ. સંસ્થાઓ જેવી કે, 'મંથન' અપંગ કન્યા સેવા સંકુલ હાજીપુર, આવી વિવિધ સંસ્થાઓમાં ઈ.સ. 2008થી લઈ અધાપિ પાઠ્યપુસ્તક તથા નોટબુક-ચોપડા વિતરણની સેવાનો વિના મૂલ્યે લાભ સંસ્થાના મહિલા વિભાગના પૂ. ત્યાગી મહિલામુક્તોના સાંનિધ્યમાં આપવામાં આવે છે.





આ ઉપરાંત સમાજમાં દર વર્ષે જે તે શૈક્ષણિક અભ્યાસિક વર્ષમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને તેમની ઝળહળતી સફળતા માટે પ્રોત્સાહિત કરવા તેમજ પ્રેરણા આપવા માટે સંસ્થાના તમામ સેન્ટરોમાં ઓગષ્ટ માસમાં એક ભવ્ય ને દિવ્ય સત્સંગ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમ ઈ.સ. 1991થી લઈ અધપિ પર્યંત યથાવત ચાલતો આવ્યો છે. વ્હાલા ગુરુજી તેમજ સંસ્થાના પૂ. સંતોના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ડિસ્ટિંક્શન, પ્રથમ, દ્વિતીય કે તૃતીય કક્ષા પ્રાપ્ત કરનારને તો ઈનામ અપાય છે પરંતુ આ કક્ષા પ્રાપ્ત ન કરનાર સામાન્ય વિદ્યાર્થીઓને પણ સ્મૃતિ રૂપે કંઈક ઈનામ આપવામાં આવે છે. લાખો રૂપિયાના ખર્ચે તેજસ્વી તારલાઓને આપવામાં આવતું પ્રોત્સાહન બાળકોના જીવનમાં નવો જોમ, ઉત્સાહ, ઉમંગ અને ઉજ્જ્વળ ભવિષ્ય રચવા માટેની પ્રેરણા બક્ષે છે.

## 18) SMVS સંસ્થાની તબીબી-મેડિકલ તથા અન્ય પ્રવૃત્તિ

- **SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ :**

'Health is wealth' આરોગ્ય એ આપણી સાચી સંપત્તિ છે. દરેક વ્યક્તિ માટે સ્વસ્થ શરીર એ જ સુખમય જીવન છે. પરંતુ તે સમક્ષ વધતી જતી તબીબી સારવારોની મોંઘવારી સમાજને સ્વાસ્થ્ય તરફ દુર્લક્ષ્ય સેવવા મજબૂર કરે છે. સમાજને આ કરુણ સ્થિતિમાંથી ઉગારી સસ્તા દરે છતાં ઉચ્ચતમ કક્ષાની તબીબી સેવા પૂરી પાડવા માટે અદ્યતન સુવિધાયુક્ત **SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલનું પદાર્પણ ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજીની દિવ્ય પ્રેરણાથી જનસમાજ માટે ઈ.સ. 2019 થી કરવામાં આવ્યું છે.




**ગુરૂદેવ પ.પૂ.બાપજીના દિવ્ય આશીર્વાદ**

"જે રડતા રડતા હોસ્પિટલમાં સારવાર માટે આવશે, તે હસતા હસતા અને સાજા થઈને જશે.."



SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital



વ્હાલા ગુરુદેવ પ.પૂ.બાપજી
અને વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામી શ્રીના
સંકલ્પ સમી SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
સ્વાસ્થ્યના સેવાયજ્ઞમાં સતત કાર્યરત
વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી
વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી
પ્રથમ 6 વર્ષમાં
8,00,000 થી વધુ
દર્દીઓની સારવાર
પ્રથમ 6 વર્ષમાં IPD 30,000+
પ્રથમ 6 વર્ષમાં હેલ્થ ચેકઅપ 20,000+
પ્રથમ 6 વર્ષમાં ડાયાલિસીસ 30,000+
પ્રથમ 6 વર્ષમાં પેથોલોજી 2,10,000+
પ્રથમ 6 વર્ષમાં X- Ray 50,000થી વધુ
પ્રથમ 6 વર્ષમાં OPD 5,10,000+
પ્રથમ 6 વર્ષમાં સર્જરી 15,000+
પ્રથમ 6 વર્ષમાં સિટી સ્કેન 20,000થી વધુ
ગુજરાતમાં થયો છે
સ્વાસ્થ્યનો
સૂર્યોદય
માત્ર 1 વર્ષમાં મળ્યું NABH Full Accreditation
2024 માં મળ્યું NABH Reaccreditation
2021 માં મળ્યું GOLD Certificate
2025 માં મળ્યું NURSING EXCELLENECE
તમામ પ્રકારની
કેશલેસની
સુવિધા ઉપલબ્ધ
મા/આયુષ્માન કાર્ડની
સુવિધા ઉપલબ્ધ
40+
TPA Tie-ups
100+
Corporate Tie-ups
SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
76 108 108 66
73 73 73 39 04/05

## સૌએ માન્યું કે બધે જ **મેડિકલ મોંઘુ છે,**

**પણ SMVS સ્વામિનારાયણ હોસ્પિટલે સાબિત કર્યું કે સેવા કરવી છે તો બધુ શક્ય છે,**

**કારણ કે SMVS સ્વામિનારાયણ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે સૌને પોષાય તેવી આરોગ્યમય સેવાઓ**

**માત્ર 6 વર્ષમાં 8,00,000થી વધુ દર્દીઓની શ્રેષ્ઠ સારવાર**



**અહીં મોંઘવારીના દર કરતા વધુ ઝડપે વધી રહ્યો છે. સેવાનો દર**

માટે જ અહીં ઉપલબ્ધ છે મા/આયુષ્માન કાર્ડની સુવિધા

### મા/આયુષ્માન કાર્ડ હેઠળ ઉપલબ્ધ નિ:શુલ્ક સારવાર



- **હૃદય રોગ** (એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી, હૃદયના વાલ્વની સર્જરી)
- **જોઇન્ટ રીપ્લેસમેન્ટ** (ઘૂંટણ અને થાપાના સાંધાના ઓપરેશનો)
- લિથોટ્રીપ્સી મશીન દ્વારા ઓપરેશન વગર પથરી તોડવાની સુવિધા
- મુત્રમાર્ગના ઓપરેશનો (યુરોલોજી)
- ડાયાલિસીસ
- **ENT વિભાગ** (કાન, નાક, ગળાનો વિભાગ)
- જનરલ સર્જરી વિભાગ

### અમારા સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ વિભાગો

- કાર્ડિયાક વિભાગ
- ન્યુરોલોજી
- ઓર્થોપેડિક
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ઈમર્જન્સી ક્રિટિકલ કેર
- યુરોલોજી
- જનરલ સર્જરી
- નેફ્રોલોજી

### અમારી વિશેષતાઓ

- **24x7** 40 થી વધુ નિષ્ણાત ડૉક્ટર્સની ટીમ ઉપલબ્ધ
- **24x7** ICUની સુવિધા ઉપલબ્ધ
- **24x7** ઇમર્જન્સી, ટ્રોમા કેરની સુવિધા ઉપલબ્ધ
- **24x7** પેથોલોજી વિભાગની સુવિધા ઉપલબ્ધ
- **24x7** રેડિયોલોજી વિભાગની સુવિધા ઉપલબ્ધ
- **24x7** ફાર્મસીની સુવિધા ઉપલબ્ધ
- **24x7** એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ



- સૌથી અદ્યતન **હાઈ ટેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર**
- સૌથી અદ્યતન **હાર્ટ કેર યુનિટ**
- **150 થી વધુ બેડ્સની** સુવિધા ઉપલબ્ધ
- **40 થી વધુ બેડ્સથી** સજ્જ ICU યુનિટ
- **15 થી વધુ આઇસોલેટેડ બેડ્સ** ધરાવતું ડાયાલિસીસ સેન્ટર
- **5 અદ્યતન મોડ્યુલર** ઓપરેશન થિયેટર

**વ્હાલા ગુરુદેવ પરમ પૂજ્ય બાપજી અને ગુરુવર્ય પરમ પૂજ્ય સ્વામિશ્રીની આજ્ઞાથી સંસ્થા દ્વારા શરૂ કરાયેલા આ સેવાયજ્ઞમાં આપ પણ સહભાગી થઈ શકો છો.**

સંસ્થાને સમયાંતરે ઘણી બધી મોટી સંસ્થાઓ દ્વારા ફાળો આપવામાં આવેલો છે, જેમ કે
- ROTARY CLUB OF VIJAPUR & ROTARY CLUB OF EMORY DRUID HILLS (USA)
- STATE BANK OF INDIA
- HDFC BANK
- INDIAN INX

તમે પણ તંદુરસ્તીના આ સેવાયજ્ઞમાં સહભાગી થઇ શકો છો.
આપ પણ સ્વેચ્છાથી અને CSR અંતર્ગત નાણાકીય મદદ કરી શકો છો.

આપના દ્વારા આ હોસ્પિટલને આપવામાં આવેલ નાણાકીય દાનને ઇન્કમટેક્સમાં 80G હેઠળ બાદ મળશે.

**SMVS SWAMINARAYAN HOSPITAL**
A Humanitarian Hospital

SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

76 108 108 66
73 73 73 39 04/05

- **સિટી સેન્ટર :**




સમાજની સામાન્ય વ્યક્તિને પણ પરવડે તથા આર્થિક ક્ષમતાધારક વર્ગને પણ ગુણવત્તાભરી તબીબી સારવાર મળી રહે તે માટે એસ.એમ.વી.એસ. દ્વારા ઈ.સ. 1996થી 'શ્રીજી-બાપા મેડિકલ સેન્ટર' વાસણા, અમદાવાદ ખાતે સમાજ સેવા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તે જ રીતે ઘનશ્યામનગર વિસ્તારમાં પણ મેડિકલ સેન્ટર ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેનો લાભ માત્ર ટોકન દરે તમામ વર્ગના રહીશો લઈ રહ્યા છે.





- **વ્યસનમુક્તિ :**

વ્યસનમુક્ત સમાજ એટલે વિકાસશીલ, સમૃદ્ધ, સુખી અને સ્વસ્થ સમાજ. આ અભિગમ અનુસાર એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા ઈ.સ. 1992થી લઈને આજ સુધી વ્યસનમુક્તિ અભિયાન અવિરત ચાલુ રહ્યાં છે. આ અભિયાનમાં સંસ્થામાં કાર્યરત સંતો-કાર્યકરોના નેતૃત્વ હેઠળ ચુનંદા બાળ-બાલિકાઓ અને યુવક-યુવતીઓ દ્વારા સમયે સમયે સમાજને વ્યસનમુક્ત બનાવવાના કાર્યક્રમો યોજાય છે. જેમાં વ્યસનમુક્તિ અંગેના પરિસંવાદો, પ્રેરણાત્મક વિડિયો શો, ગોષ્ઠિ, પ્રેરણાત્મક દૃશ્ય-શ્રાવ્ય રજૂઆતો, નાટ્યસંવાદો, વ્યસનમુક્તિ શો, પ્રદર્શનો, વ્યસનમુક્તિ માટે જાગૃતિ આપતી ભવ્ય રેલીઓ, વ્યસનમુક્તિ માટે વિશિષ્ટ પ્રદર્શન ગૃહો, વ્યસન કુંડો આદિ અનેક માધ્યમો દ્વારા સંસ્થાએ વ્યસનમુક્તિ માટે એક અદ્વિતીય અહાલેક જગાવી છે. સંસ્થાના આ ભગીરથ કાર્યથી આજદિન સુધીમાં વ્યસનમાં સપડાયેલા લાખો લોકો વ્યસનમુક્ત બન્યા છે.

- **ફળ વિતરણ**

સમયાંતરે સંસ્થા દ્વારા હોસ્પિટલના દર્દીઓ માટે ફળ વિતરણના કાર્યક્રમો પણ કરવામાં આવતા હોય છે. જેથી તેઓને મહાપ્રભુનો પ્રસાદ પ્રાપ્ત થાય અને દર્દીઓનું સ્વાસ્થ્ય જલ્દી સારું થાય.



- **ચંપલ વિતરણ**

જરૂરિયાતમંદ આદિવાસી વિસ્તારના બાળકોને પૂ.સંતો દ્વારા ચંપલ વિતરણ કરવામાં આવતું હોય છે.



- **વસ્ત્ર વિતરણ**

પૂ. સંતો દ્વારા વસ્ત્ર વિતરણના કાર્યક્રમો પણ જરૂરિયાતમંદ વિસ્તારમાં કરવામાં આવતા હોય છે.



- **વૃક્ષારોપણ :**

પર્યાવરણનું મહત્ત્વ સમજવું, તેનો સુયોગ્ય ઉપયોગ કરવો તથા તેનું જતન કરવું એ સમાજમાં રહેલી પ્રત્યેક વ્યક્તિની પવિત્ર ફરજ છે. સંસ્થા દ્વારા પર્યાવરણ સુરક્ષા માટે થતા અનેકવિધ પ્રયત્નોમાંનો સફળ પ્રયત્ન એટલે 'વૃક્ષારોપણ અભિયાન'.

આ ઉપરાંત, વૃક્ષારોપણના વિશિષ્ટ અભિયાનરૂપ સરળ આયોજન એટલે 'વૃક્ષ દત્તક યોજના' જેમાં માત્ર વૃક્ષને વાવવાથી કાર્ય પૂર્ણ ન કરતાં, જે તે વૃક્ષ વાવનારને તે વૃક્ષના જતનની પણ ફરજ પાડવામાં આવે છે. આ યોજના અન્વયે સંસ્થા દ્વારા કુલ 1,75,000 કરતાં પણ વધુ વૃક્ષોનાં વાવેતર તથા જતન દ્વારા પર્યાવરણ સુરક્ષાનું સેવાકાર્ય થઈ રહ્યું છે.







- **રક્તદાન :**

રક્તદાન અર્થાત્ જીવનદાન. આજના યુગમાં વિધ વિધ રોગો તથા આકસ્મિક પરિસ્થિતિમાં દર્દીને રક્તની જરૂરિયાતને સંતોષવા રક્તદાન એ મહાદાન બન્યું છે. રક્ત માનવ શરીરમાં સતત નિર્માણ પામતું હોય છે તેવા સંશોધન બાદ રક્તનું પણ દાન કરવું જોઈએ એવી જાગૃતતા સમાજમાં આવતાં એ પરત્વે સરકારી, અર્ધ સરકારી તથા ખાનગી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. અને ત્યારથી રક્તદાનરૂપી મહાયજ્ઞો મંડાયા છે. આ ક્ષેત્રે એસ.એમ.વી.એસ. સંસ્થાનું પ્રદાન પણ કંઈક આગવું ને ખાસ છે. કારણ, આ પણ જનસેવાનો એક મહાયજ્ઞ છે. તેથી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અનુજ્ઞાથી સંસ્થામાં ઊજવાતા ઉત્સવ તથા મહોત્સવોમાં રક્તદાન યજ્ઞો યોજાતા હોય છે. આ યજ્ઞોમાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી હજારો-લાખો સત્સંગીઓએ સમાજના પીડિત ને જરૂરિયાતમંદ જનો માટે રક્તદાન કર્યું છે. સંસ્થા દ્વારા યોજાયેલ 'રક્તદાન કેમ્પ'ના માધ્યમથી સમાજને 1,50,000થી વધુ બોટલ રક્તદાન કરવામાં આવ્યું છે. સંસ્થાના કોઈ પણ કાર્યક્રમમાં આ ચરણ જ્યારે જ્યારે યોજાયું છે ત્યારે ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજીએ આશીર્વાદ આપ્યા છે : "આજે જે સંતો-ભક્તોએ રક્તદાન કર્યું છે તેમનું રક્ત જે જે જરૂરિયાતમંદ પીડિતને ચડાવવામાં આવે તે પીડાઓથી મુક્ત થાય અને તેને મહારાજ કારણ સત્સંગમાં લાવે અને એનો છેલ્લો જન્મ કરે."

આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા વ્હાલા ગુરુજી જનઉદ્ધારક રક્તદાન યજ્ઞો યોજીને સમાજમાં અનેક લોકોની આ લોકમાં તો જીવાદોરી લંબાવતા હોય છે પરંતુ પરલોકમાં ભવાબ્ધિના ફેરાથી પણ રક્ષા કરતા હોય છે.



**BLOOD DONATION**






- **રાહતકાર્યો :**

આજના યુગમાં વિજ્ઞાને ખૂબ જ પ્રગતિ સાધી માનવજીવનને ઘણી સવલતો આપી છે. તેમ છતાં કુદરતી તત્ત્વો જ્યારે પોતાના રૌદ્ર સ્વરૂપનું દર્શન કરાવે છે ત્યારે વિજ્ઞાનની પણ ઘણી આવિષ્કારિતા નિષ્ફળ ઠરતી હોય છે. જેની ખુવારી વિશ્વમાં સૌ કોઈએ યેનકેન પ્રકારે ભોગવવી પડતી હોય છે જેમાં ભૂકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, સુનામી અને વાવાઝોડું તેમજ આ સિવાય અનેક આવી આપત્તિઓ સૌ કોઈને લાચાર બનાવી દે છે. આ લાચારીમાંથી સમાજને બહાર લાવવાનું માનવ સેવાકાર્ય એસ.એમ.વી.એસ. દ્વારા કરવામાં આવી રહ્યું છે. આવી કુદરતી આપત્તિઓમાં સપડાયેલાં ગામો, શહેરો તથા માનવસમાજના સાચા રક્ષક અને પોષક બની સંસ્થાના સ્વયંસેવકો તથા સંતો રાહતકાર્યની સેવામાં દિનરાત ખડે પગે હાજર રહે છે.













ગુજરાતમાં જ્યારે જ્યારે અતિવૃષ્ટિનું સંકટ આવ્યું હોય ત્યારે SMVS સંસ્થા હંમેશા અગ્રેસર રહી છે.

- 2014માં અમદાવાદમાં અને જમ્મુ કાશ્મીર
- 2015માં સૌરાષ્ટ્રમાં આવેલ પૂર
- 2017માં ઉત્તર ગુજરાત થયેલ અતિવૃષ્ટિ
- 2019 અને 2024માં વડોદરામાં થયેલ અતિવૃષ્ટિ











GOODS CARRIAGE
અતિવૃષ્ટિ
રાહત કાર્ય





- **કોરોના દરમ્યાન થયેલ સંસ્થાકીય પ્રવૃત્તિ**

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા જન આરોગ્ય હિત માટે કાર્યરત એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હોસ્પિટલને ગુજરાત સરકારના આદેશથી કોરોના કાળમાં કોવિડ હોસ્પિટલ જાહેર કરવામાં આવી હતી. જેના પરિણામે ટૂંક જ સમયમાં અર્થાત્ તા. 15-06-2020ના રોજ કોવિડના દર્દીઓ માટે સરકારના નિયત ધારાધોરણ મુજબ આરોગ્ય સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ડિસ્ટ્રિક કોવિડ હોસ્પિટલના પ્રારંભે એસ.એમ.વી.એસ. સંસ્થાના ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા : "આ હોસ્પિટલમાં જે કોઈ આવે તે બધા સાજા થઈ ઘેર જાય... સૌની ઉપર મહારાજ, બાપા તથા બાપજી ખૂબ ખૂબ કૃપા કરજો..."

એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હોસ્પિટલમાં કોઈ કોવિડ દર્દી સારવાર લઈ સંપૂર્ણ સ્વસ્થ થઈ ઘરે જઈ રહ્યાં હોય ત્યારે હોસ્પિટલ સ્ટાફ દ્વારા તેમને પુષ્પ-પુષ્પમાળાથી વધાવી તેમજ તાળીઓ વગાડી તેમનું ભાવપૂર્વક અભિવાદન કરવામાં આવ્યું હતું. આમ, કોવિડ હોસ્પિટલ તરીકે સેવા બજાવતી એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હોસ્પિટલે કોરોના સામે લડી રહેલ દેશવાસી સાથે રહીને કોરોના વોરિયર્સની વંદનીય ભૂમિકા બજાવી હતી.

આ ઉપરાંત કોરોનાના સમયમાં અનેક પરિવારોને ફૂડ વિતરણ, રાશનકીટ તેમજ શાકભાજી વિતરણ પણ કરવામાં આવ્યું હતું.















# SMVS સ્વામિનારાયણ ગીર ગૌશાળા

**મગોડી લાટ પાસે, દહેગામ રોડ, ગાંધીનગર - 382355**

## • પશુ સંવર્ધન :

- ગુરુદેવ પ.પૂ. બાપજીના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ચક્રના ભાગ સમાન પશુઓના સંવર્ધન માટે એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા ઘાસ વિતરણ, દાણ વિતરણ તથા કેટલ કેમ્પો જેવા પર્યાવરણ હિતાવહ કાર્યક્રમો યોજાયા છે.
- દુષ્કાળના પ્રભાવમાં આવેલ મનુષ્ય, પશુઓ તેમજ મનુષ્યના ધંધા-રોજગારને આમાંથી ઉગારવા એ અત્યંત જટિલ થઈ પડ્યું હતું. 'માનવને તો અન્ન મળી જાય પણ મૂંગા ઢોરનું શું ?' આ વિચાર સાથે એસ.એમ.વી.એસ. સંસ્થાએ દુષ્કાળ નિવારવા રાહતકાર્યોનો પ્રારંભ કર્યો. આ રાહતકાર્યોનો મુખ્ય ધ્યેય પશુધનનું સંરક્ષણ કરી, માનવ સમાજની આજીવિકાને સુધારવી એ રહ્યો છે.
- આ કાર્યક્રમોમાં ઈ.સ. 2001માં આવેલ દુષ્કાળમાં પંચમહાલ તથા સાબરકાંઠાના 120થી વધુ તાલુકા સેન્ટર તથા ગામડાંઓમાં પશુ માટે વિનામૂલ્યે 6,971થી વધુ પશુઓને 2,32,175 કિલો ઘાસનું તથા 1,94,000 કિલો દાણનું વિતરણ કરી સમાજને 'દુષ્કાળ'ની આપત્તિઓમાંથી બચાવી લીધો હતો.
- ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય પ્રેરણા તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના નેતૃત્વ હેઠળ ઉત્તમ ઓલાદના પશુધન સંવર્ધન તથા જતનનો પ્રયાસ આદરવામાં આવ્યો છે. જેના એક ભાગ રૂપે ગાંધીનગર નજીક મગોડી વિસ્તારમાં લાખો રૂપિયાના ખર્ચે ગૌશાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં 50 કરતાં પણ વધુ ગાયોનું જતન કરવામાં આવે છે. ગૌશાળા દ્વારા ગોબરગેસ તથા કુદરતી છાણિયાં ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે. વળી, કારમા દુષ્કાળને ટાળવા માટે સંસ્થા દ્વારા ખૂબ મોટા પાયે હજારો પશુઓનું સંવર્ધન કરવામાં આવે છે. દુષ્કાળમાં સંસ્થા દ્વારા ખૂબ મોટા પાયે હજારો પશુઓના વૈજ્ઞાનિક શૈલીથી કેટલ કેમ્પો યોજીને પશુઓના સંવર્ધન માટે અતિ મૂલ્યવાન યોગદાન આપવામાં આવ્યું છે.

**દાન-સેવાની વિગત**

**એક ગાયને ઘાસચારાની તથા દાણની સેવા (માસિક) : ₹ 2,500**
**એક ગાયને ઘાસચારાની તથા દાણની સેવા (વાર્ષિક) : ₹ 25,000**
**એક ગૌ દાનની સેવા : ₹ 51,000**







- **સ્વચ્છતા અભિયાન :**
  - "સંસ્થા એ રાષ્ટ્ર તથા સમાજનું એક અભિન્ન અંગ છે." ત્યારે શૂન્યમાંથી નવસર્જન પામેલ એસ.એમ.વી.એસ. સંસ્થા ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્યતમ પ્રેરણા તથા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના નેતૃત્વ હેઠળ ઉચ્ચતમ આધ્યાત્મિકતાની સાથે સાથે અનેકવિધ જનહિતાવહ અર્થે સમાજલક્ષી સેવાનાં કાર્યો અવિરતપણે કરી રહી છે. વખતોવખત સંસ્થા દ્વારા અનેક શૈક્ષણિક તથા સામાજિક કાર્યો કરવામાં આવે છે. તેમાં આજદિન સુધી નવાં નવાં સોપાન ઉમેરાતાં રહ્યાં છે.
  - સ્વચ્છ સમાજ એ દેશની પ્રગતિ અને વૃદ્ધિ છે. તેને અનુલક્ષીને સમગ્ર ભારતને 'સ્વચ્છ ભારત' બનાવવાનું અભિયાન દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉપાડવામાં આવ્યું છે. ત્યારે તેને પોતાનું સામાજિક કર્તવ્ય સમજીને એસ.એમ.વી.એસ. સંસ્થા પણ ભારત સરકારના આ ‘સ્વચ્છ ભારત’ અભિયાનમાં સહભાગી થઈ છે.
  - આ અભિયાન અંતર્ગત અમદાવાદ, પંચમહાલ, મહેસાણા, વડોદરા, મુંબઈ, પૂના, સુરત-ચરોતર, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, જામનગર, કચ્છ, ગાંધીનગર, હિંમતનગર, ઉના, ભાવનગર, ગઢડા, બોટાદ, જૂનાગઢ આદિ સંસ્થાકીય સત્સંગ ક્ષેત્રોના ઝોનમાં 200થી વધુ જાહેર સ્થળોને ‘સ્વચ્છતા અભિયાન’નો સંકલ્પ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આ સંકલ્પને સાકાર કરવા ઝોન તથા સેન્ટરવાઇઝ ઝીણવટભર્યું આયોજન કરવામાં આવ્યું હતું અને પછી નિર્ધારિત જે તે દિને વહેલી સવારે એસ.એમ.વી.એસ. સંસ્થાના પૂ.સંતો તથા 5,919થી વધુ સ્વયંસેવકો-સેવિકાઓ સફાઈના સરંજામ સાથે જાહેર સ્થળોને રસ્તાઓ પર એકસાથે ઊતરી સેવા કરી હતી.











6
4:56








WELCOME TO KUWAIT
اهلا وسهلا بكم في الكويت

## • પૂ. સંત વિચરણ

પૂ. સંતોના નિરંતર કથા-સત્સંગના બળથી અનેક ઘરોમાં સાંસારિક પ્રશ્નો, ઝઘડા-કંકાસ, નફરત-ઘૃણાને બદલે આત્મીયતા, સંપ-સુહૃદભાવ-એકતા અને પ્રેમ, હેત, લાગણીનાં પુષ્પ ખીલી સુવાસ પ્રસરી રહી છે. તેઓના ઉપદેશને લીધે જ અનંત મોક્ષાર્થી મુમુક્ષુઓ ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઉપાસના સમજી આત્યંતિક મોક્ષના અધિકારી બન્યા છે.

નાત, જાત, કુળ, ધર્મ કે પછી કોઈ જ પ્રકારના ભેદભાવોને જોયા વગર સંતો શરણમાં આવેલા સૌને જીવનનો સાચો રાહ દર્શાવી પથદર્શક બન્યા છે. ભારતના નાનામાં નાના અંતરિયાળ ગામડાથી લઈને અમેરિકા, કેનેડા, ઇંગ્લેંન્ડ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, દુબઈ આદિ દેશોમાં પૂ. સંતો ઘેર ઘેર વિચરણ કરી ભગવાન સ્વામિનારાયણનો અને કારણ સત્સંગના સિદ્ધાંતોનો તેમજ સંસ્કાર અને આધ્યાત્મિક ગુણોનો સંદેશો પહોંચાડી રહ્યા છે.

પૂ. સંતોના અથાક પરિશ્રમ રૂપે પ્રતિવર્ષ સંસ્થામાં આશરે સંતો દ્વારા જ 20,000 કરતાં પણ વધુ સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવે છે જેમાં હજારો ને લાખો હરિભક્તો સત્સંગનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત, પૂ. સંતો દ્વારા પ્રતિવર્ષ આશરે 25,000 કરતાં પણ વધુ પધરામણી અને મહાપૂજાઓનાં આયોજન દ્વારા પારિવારિક સંપર્ક કરીને અંગત ઉપદેશ આપવામાં આવે છે. પૂ. સંતો દ્વારા પ્રતિવર્ષ હજારો લોકો વ્યસનમુક્ત બને છે. જેમનામાં એક ચા સરખું નાનું વ્યસન પણ જોવા મળતું નથી. અરે ! એટલું જ નહિ, પૂ. સંતોના વિચરણ દ્વારા દર વર્ષે હજારો લોકો વહેમ, અંધશ્રદ્ધા તથા વિવિધ જંત્ર-મંત્ર, દોરા-ધાગાના અજ્ઞાનને દૂર કરી તથા ભગવાન સ્વામિનારાયણની મોટપને સમજી પોતાના ઘર સર્વોપરી શુદ્ધ ઉપાસનાયુક્ત કરે છે. વળી, એ જ રીતે પૂ. સંતોના સત્સંગ વિચરણ દ્વારા તથા પૂ. સંતોના અંગત માર્ગદર્શનથી હજારો ઘર અધોગતિમાંથી ઊગર્યાં છે અને આધ્યાત્મિક માર્ગે આગળ વધી રહ્યા છે.



## 20) ઘનશ્યામ સામાયિકની માહિતી

# ઘનશ્યામ









ઘનશ્યામમાં જીવન અને સત્સંગ ઉપયોગી ઘણું બધું સાહિત્ય પીરસાય છે. જેમ કે,

- અધ્યાત્મ માર્ગના પિપાસી મુમુક્ષુને રાહ બતાવતા પૂનમ તથા સંકલ્પ સભાના સારરૂપ વ્હાલા ગુરુજીની દિવ્યવાણી શ્રેણીના લેખો
- સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી સિદ્ધાંતો અને રહસ્યોની વચનામૃતના વિવિધ લેખો દ્વારા સરળ રજૂઆત.
- જીવનના પ્રશ્નોના નિરાકરણરૂપ જડીબુટ્ટી સમાન ઉપાયો રજૂ કરતા રસપ્રદ લેખો.
- સત્પુરુષોના દિવ્ય કલ્યાણકારી ગુણો તથા જીવનગાથાઓની અદભુત રજૂઆત.
- યુવાનો માટે જીવન જીવવાની એક નવી દિશા સૂચવતા, જીવનના મૂલ્યો સમજાવતાં લેખો.
- સંસ્થાના અવનવા કાર્યક્રમોનો સચિત્ર અહેવાલ તથા વિવિધ કાર્યક્રમોના સુંદર ફોટોગ્રાફસનું દર્શન.
- સંસ્થામાં આગામી સમયમાં આવી રહેલા મહત્ત્વનાં નાના-મોટા પ્રોગ્રામોની માહિતી.
- સંસ્થાના કોઈ સભ્યએ પોતાના ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી હોય તો તેઓને બિરદાવવા રાજીપા રૂપે આપવામાં આવતું સંસ્થા ગૌરવ.
- ઈ.સ. 1956માં માત્ર 23 વર્ષની ઉંમરે 85 વર્ષના વડીલ હરિભક્તથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ સત્સંગનો પ્રારંભ કર્યો. દિન-પ્રતિદિન સત્સંગી હરિભક્તોની સંખ્યા વધતા ઈ.સ. 1974માં અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ઘનશ્યામનગર મંદિરની રચના કરી અને ઈ.સ. 1976માં ઘનશ્યામ સામયિકનો પ્રારંભ થયો.
- ઘનશ્યામ અંક દર મહિનાની 10મી તારીખે પ્રકાશિત થાય છે.
- અત્યારના આ ઝડપી યુગમાં જ્યારે દરેક વસ્તુ ઓનલાઇન મળી રહી છે ત્યારે ઘનશ્યામ અંક પણ સંસ્થાની વેબસાઇટ www.smvs.org ઉપર PDF તથા ઓડિયો સ્વરૂપે તેમજ સંસ્થાની યુ-ટ્યુબ ચેનલ ઉપર Jukebox સ્વરૂપે વિનામૂલ્યે ઉપલબ્ધ છે.
- આવા અમૂલ્ય ઘનશ્યામ સામયિકના ગ્રાહક બનીએ માત્ર નજીવી કિંમતમાં.
- આજે જ નજીકના SMVS મંદિરમાં સંપર્ક કરી, લવાજમ ભરી આપનો ઘનશ્યામ અંક પોસ્ટ દ્વારા જરૂર મંગાવો.

**લવાજમના દર**

| | |
|---|---|
| 1 વર્ષ | 100 રૂા. |
| 3 વર્ષ | 300 રૂા. |
| 5 વર્ષ | 500 રૂા. |

**ઘનશ્યામ અંકના Jukebox માટે અહી ક્લિક કરો.**



## 21) સ્વામિનારાયણ ધામ અંગેની માહિતી

દેશ-વિદેશની સત્સંગ પ્રવૃત્તિનું માળખું સુવ્યવસ્થિત ગોઠવવા માટે ઈ.સ. 2002થી સ્વામિનારાયણ ધામની સંસ્થાના આંતરરાષ્ટ્રીય વડામથક તરીકેની સ્થાપના કરવામાં આવી તથા વિવિધ કાર્યાલયોની રચના થઈ. આ કાર્યાલયોના માધ્યમે દેશ-વિદેશની સત્સંગ પ્રવૃત્તિનું તમામ સંચાલન કાર્યરત છે.

### ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

**આ મહારાજની સંકલ્પ ભૂમિ છે... અહીં અનાદિમુક્તોનો પાક લેવાશે... અર્થાત અનંત મુમુક્ષુઓ આ ભૂમિ પરથી અનાદિમુક્તની સ્થિતિ પામશે. વળી, સ્વામિનારાયણ ધામના મુખ્ય પ્રવેશ દ્વારનાં જે જે મુમુક્ષુ દર્શન કરશે, ગુણ લેશે તથા આ કેમ્પસમાં પ્રસાદી લેશે તેનો શ્રીજીમહારાજ છેલ્લો જન્મ કહેતાં આત્યંતિક કલ્યાણ કરશે.**

- **સ્વામિનારાયણ ધામ કેમ્પસ :**

01. શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરમાં શ્રીજીમહારાજ તથા તેમના મુક્તોનો દર્શન ખંડ.
02. વ્હાલા હરિકૃષ્ણ મહારાજના દિવ્ય દર્શન અને મહાપૂજાનો દિવ્ય લાભ. નિષ્કામ થઈને મૂર્તિસુખની યાચના માટે મહાપૂજાનો લાભ મળતો હોય છે.
03. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીની જ્યાં અંતિમ વિધિ કરવામાં આવી હતી તે પ્રાસાદિક સ્થાન 'અનાદિમુક્ત પીઠિકા'.
04. મહિલા ઉત્કર્ષ માટેના એક અવિભાજ્ય અંગ સમાન 'ભક્તિનિવાસ સંકુલ'.
05. બાળકોને રહેવા માટેનું માટેનું વિશાળ ગુરૂકુલ.
06. બાલિકાઓને રહેવા માટેનું વિશાળ ગર્લ્સ ગુરૂકુલ.
07. ઉતારા માટે વિશાળ બાપાશ્રી આવાસ ઉતારાગૃહ.
08. આધ્યાત્મિક સાહિત્ય તથા અન્ય સામગ્રી માટે બુકસ્ટોલ.
09. શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર શુદ્ધ ગાળેલી-ચાળેલી વિવિધ વાનગીઓ સભર ભક્તિ ઉપહાર ગૃહ (ફૂડસ્ટોલ).
10. આકર્ષક બાગ-બગીચા.
11. 32 એકરમાં પથરાયેલ વિશાળ કેમ્પસ.
12. બાળ-બાલિકાઓને ભણવા માટે ઇન્ટરનેશનલ સ્કૂલ

## 22) SMVS સંસ્થાની વેબસાઇટની માહિતી



01

## www.smvs.org

આ વેબસાઇટ પર સંસ્થાના વિવિધ મંદિરોમાં બિરાજમાન ઘનશ્યામ મહાપ્રભુનાં નિત્ય દર્શનનો લાભ, સંસ્થાના વિવિધ પ્રોગ્રામો તથા ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની કથાવાર્તાનો ઓડિયો તથા વિડિયો દ્વારા લાભ મળે છે.



CLICK HERE

02

## www.hdhbapji.org

આ વેબસાઇટમાં વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનાં જીવનદર્શનની ઝાંખી થાય છે. જેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીનો પ્રાથમિક પરિચય, ગુરુદેવ પ.પૂ. બાપજીનું સાદગીભર્યું જીવન, ગુરુદેવ પ.પૂ. બાપજીની આધ્યાત્મિક સ્થિતિ, ગુરુદેવ પ.પૂ. બાપજીએ કરેલાં મહાન કાર્યો, ગુરુદેવ પ.પૂ. બાપજીની સ્મૃતિ છબીઓ તેમજ ગુરુદેવ પ.પૂ. બાપજીની અમૃતવાતો પણ ઉપલબ્ધ છે.



CLICK HERE

03
## www.anadimukta.org

આ વેબસાઇટ પર અનાદિમુક્તની સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. જેમ કે અનાદિમુક્ત કોને કહેવાય ? અનાદિમુક્ત એટલે શું ? અનાદિમુક્ત કોણ છે ?, અનાદિમુક્ત શા માટે થવાનું ? અનાદિમુક્ત કેવી રીતે થવાય ? મૂર્તિનું સુખ એટલે શું ? અને તે સુખ કેવું છે ? જેની વિગતે માહિતી આપવામાં આવી છે.



તેમજ શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના નાના-મોટા બનતા તમામ દિવ્ય પ્રસંગોનો લાભ લઈ આપણે મહિમાસભર થઈ શકીએ છીએ. જેમાં પ્રસંગો નિયમિતપણે અપડેટ કરવામાં આવતા હોય છે.

CLICK HERE

04
## tirthdham.org



આ વેબસાઇટ પર તીર્થધામ ગોધર તથા અભિષેક મહારાજની માહિતી મળી શકે છે.

CLICK HERE

05
## www.smvscharities.org

આ વેબસાઇટ પર આપણી સંસ્થા દ્વારા થતી વિવિધ સામાજિક પ્રવૃત્તિની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે.

CLICK HERE

06
## www.smvshospital.com

SMVS SWAMINARAYAN HOSPITAL A Humanitarian Hospital

આ વેબસાઇટ પર SMVS સ્વામિનારાયણ હોસ્પિટલની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે.

CLICK HERE

## 23) વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની કથાવાર્તાના ઓનલાઇન લાભના માધ્યમ





### 1. પૂનમ સમૈયો (દર પૂનમે વાસણા મંદિરે, સવારે 8 થી 12)

- આ ઓનલાઈન કથાવાર્તાનો Live લાભ www.smvs.org વેબસાઇટ તથા SMVS Katha Youtube ચેનલના માધ્યમથી સમગ્ર દેશ-વિદેશમાં મળતો હોય છે.
- પૂનમના દિવસે આ સભાને GTPL ભક્તિ ચેનલ નંબર 551 પર રાત્રે 8:30 થી 10:30 રિપિટ ટેલિકાસ્ટ કરવામાં આવે છે.

### 2. સંકલ્પ સભા (દર એકાદશીએ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર, સવારે 7:30 થી 9:30)

- આ ઓનલાઈન કથાવાર્તાનો Live લાભ www.smvs.org વેબસાઇટ તથા SMVS Katha Youtube ચેનલના માધ્યમથી સમગ્ર દેશ-વિદેશમાં મળતો હોય છે.
- એકાદશીના દિવસે આ સભાને GTPL ભક્તિ ચેનલ નંબર 551 પર રાત્રે 8:30 થી 10:30 રિપિટ ટેલિકાસ્ટ કરવામાં આવે છે.








3. મંગળવાર, ગુરુવાર અને શનિવારના રોજ દરરોજ સવારે 7:30 વાગ્યે **SMVS** Katha Youtube Channel પર વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળતો હોય છે.

**4. GTPL ભક્તિ 551 ચેનલ** પર દરરોજ સવારે અને રાત્રે 8:30 થી 9 દરમ્યાન વ્હાલા ગુરુજીની વિવિધ વિષયો પરની કથાવાર્તાનો લાભ મળે છે.

**5. વ્હાલા ગુરુજીનાં નિકટ દર્શનનો લાભ**

- દર પૂનમે સવારે 8 થી 9:30 વાગ્યા સુધી વાસણા
- દર એકાદશીએ સંકલ્પ સભા બાદ સવારે 9:30 થી 12 વાગ્યા સુધી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર





**સંતવાણીની Youtube Playlist માટે અહીં ક્લિક કરો.**

દર મંગળવારે રાત્રે 9 થી 10 વાગ્યે SMVS કથા યુટ્યુબ ચેનલ પર સંસ્થાના વરિષ્ઠ પૂ. સંતો દ્વારા સંતવાણીનો લાભ મળતો હોય છે.

## 25) તીર્થધામ ગોધર અભિષેક મહિમા





## જ્યાં તનના, મનના, ધનના આદિ સર્વે દુઃખોની નિવૃત્તિ થાય છે...

ભગવાન સ્વામિનારાયણના સંકલ્પથી સદ્. ગોપાળાનંદ સ્વામીએ ઝાડી દેશમાં ખૂબ જ સત્સંગ વિચરણ કર્યું હતું. સદ્. ગોપાળાનંદ સ્વામીનો સંકલ્પ હતો : "આ ઝાડી દેશમાં ભગવાન સ્વામિનારાયણની ઉપાસના પ્રવર્તન માટે એક મંદિર થાય." આ સંકલ્પને સાકાર સ્વરૂપ આપ્યું. સદ્. ગોપાળાનંદ સ્વામીના ઉત્તરાધિકારી તથા **SMVS** સંસ્થાના સંસ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજીએ. તેમણે ઈ.સ. 1970થી સર્વોપરી ઉપાસના પ્રવર્તન કાજે ઝાડી દેશમાં સત્સંગ વિચરણ આરંભ્યું હતું. દિવ્યપુરુષે પંચમહાલની અલ્પ શિક્ષિત ને અજ્ઞાની પ્રજાને સર્વોપરી સ્વરૂપની ઓળખાણ કરાવી, આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ કરાવી છે. વળી, સદ્. ગોપાળાનંદ સ્વામીના સંકલ્પને પરિપૂર્ણ કરવા ઈ.સ. 2006માં ગોધર ખાતે શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરી. તે સમયે આ મંદિરમાં તેમના દ્વારા જ અભિષેકવાળા ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ સ્થાપના પાછળ ગુરુદેવ પ.પૂ. બાપજીનો એક જ હેતુ હતો કે, "કોઈ પણ દુખિયો જીવ ભગવાન સ્વામિનારાયણના શરણે આવે તો ભગવાન સ્વામિનારાયણ તેનું દુઃખ દૂર કરે તથા એના સંકલ્પો પૂર્ણ કરે." આથી તે સમયે ગુરુદેવ પ.પૂ. બાપજીએ આશીર્વાદ આપ્યો હતો...

## ગુરુદેવ પ.પૂ.બાપજીના દિવ્ય આશીર્વાદ

"કોઈને દેહનું દુઃખ હશે, અસદ્ ગતિને પામેલા જીવોનો ત્રાસ હશે, આર્થિક મુશ્કેલીઓ હશે, ગમે તેવી મૂંઝવણો હશે કે સાંસારિક પ્રશ્નો હશે પણ આ મંદિરમાં આવી ભગવાનનાં દર્શન કરશે, એમનો આશરો કરશે, નિર્વ્યસની થઈ કંઠી બાંધશે અને અભિષેકની બાધા-માનતા રાખશે તેનાં સર્વે દુઃખ થકી ભગવાન તેની રક્ષા કરશે, કરશે ને કરશે જ..."

**જેઓ ગોધર અભિષેકનો લાભ લઈ, મહારાજ ને મોટાપુરુષની કૃપાભાગી બન્યા તેવા કેટલાક અનુભવો નિહાળીએ...**

- તા. 09-11-2006નો એ દિન જ્યારે ઘનશ્યામ મહારાજે બહુ અગત્યના ડિજિટલ દસ્તાવેજ સમાન મારા લેપટોપની હાર્ડડિસ્ક માત્ર બે અભિષેકના સંકલ્પે ચાલુ થઈ ગઈ. વિવિધ ટેક્નિશિયન તથા કમ્પ્યૂટર એન્જિનિયરને આ હાર્ડડિસ્ક રિપેરિંગ માટે બતાવી છતાં કોઈ રિપેર ન કરી શકતા આશા છોડી દીધી હતી. પણ ઘનશ્યામ મહારાજે અશક્ય, કઠિન કાર્યને કેવળ દયા કરી સફળ ને સરળ કરી દીધું. - રવિન્દ્ર શાહ, હાઇકોર્ટ વકીલ - અમદાવાદ
- મેડિકલમાં પ્રવેશ મેળવવો અત્યારે અઘરું છે એટલું ને એટલું અઘરું ઈ.સ. 2007માં પણ હતું. મારે ઈ.સ. 2007ની ગુજરાત બોર્ડની વિજ્ઞાન પ્રવાહ પરીક્ષામાં 91.33% ટકા આવ્યા હતા. મેં તો મેડિકલમાં પ્રવેશ મળે તેવી આશા છોડી દીધી હતી. પણ અભિષેકવાળા ઘનશ્યામ મહારાજની દયાથી ભાવનગર ખાતે મેડિકલ કોલેજમાં પ્રવેશ મળી ગયો હતો. મારું ભવિષ્ય ઘનશ્યામ મહારાજની કૃપાથી ઉજ્જ્વળ બન્યું હતું. - ડો. જિતેન્દ્ર જાદવ - પંચમહાલ
- દીકરાને મેલી વસ્તુ હેરાન કરતી હતી અને જેનાથી આખો પરિવાર હેરાન થતો હતો. જેમાંથી મુક્તિ મળી.
- બા બીમાર હતાં અને કોઈ રીતે જીવ છૂટતો ન હતો, ગોધર ખાતે અભિષેક કરવાથી જીવનો છુટકારો થયો અને મહારાજ ધામમાં તેડી ગયા.





## આવો, અભિષેકનો લાભ લઈએ અને અન્યને પણ અવશ્ય લેવડાવીએ

**સ્થળ:** SMVS તીર્થધામ સ્વામિનારાયણ મંદિર, ગોધર
**અભિષેક સમય:** દરરોજ સવારે 09:00 થી 12:00
દરરોજ સાંજે 04:00 થી 06:00
**ધૂન:** દર મંગળવાર તથા શુક્રવાર સાંજે 05:00 થી 07:00



**સ્થળ:** SMVS સ્વામિનારાયણ મંદિર, જર્સીસિટી (USA)
**અભિષેક સમય:** સોમવાર થી શનિવારે સવારે 11:15 થી 11:45
રવિવાર સાંજે 07:30 થી 08:00



**સ્થળ:** SMVS સ્વામિનારાયણ મંદિર, ટોરેન્ટો (Canada)
**અભિષેક સમય:** દરરોજ સવારે 09:30 થી 11:15
દરરોજ સાંજે 04:30 થી 05:45




**સ્થળ:** SMVS સ્વામિનારાયણ મંદિર, લંડન (UK)
**અભિષેક સમય:**

| સોમવાર થી શુક્રવાર | શનિવાર અને રવિવાર |
|---|---|
| સવારે 09:00 થી 11:00 | સવારે 09:00 થી 12:00 |
| સાંજે 05:00 થી 07:00 | સાંજે 05:00 થી 09:00 |



**અભિષેક સેવાની વિગત**
એક અભિષેકની સેવા (ભારત) : ₹ 101/-
એક અભિષેકની સેવા : $ 15 USA & Canada | £ 10 UK

**અભિષેકનો Online લાભ**
www.smvs.org/cms/donate
પરથી પણ લઈ શકાશે.

# 26) અનાદિમુક્ત પીઠિકા મહિમા





**જ્યાં ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રત્યક્ષ સંનિધિનો અહેસાસ થાય છે...**

**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ**

"અહીંથી અનંત અનાદિમુક્તોનું સર્જન થવાનું છે માટે આનું નામ અનાદિમુક્ત પીઠિકા આપવામાં આવે છે. આ અનાદિમુક્ત શબ્દ અને અનાદિમુક્તની સ્થિતિ આ પીઠિકા દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રવર્તશે."

**જ્યારે પણ સ્વામિનારાયણ ધામ પર આવવાનું થાય ત્યારે અનાદિમુક્ત પીઠિકાનાં દર્શનનો અવશ્ય લાભ લઈએ...**



## 27) દિવ્ય શાંતિપાઠ મહિમા



### જ્યાં બાહ્યિક અને આંતરિક સર્વે પ્રકારે શાંતિનો અનુભવ થાય છે...

### જ્યાં ગુરુદેવ પ.પૂ. બાપજી 33 વર્ષ સુધી જ્યાં બિરાજ્યા તે દિવ્ય સ્થાન

### ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય આશીર્વાદ

"આધિ-વ્યાધિ-ઉપાધિ એમ ત્રિવિધ તાપથી પીડાતા સર્વેને સદાય સુખ-શાંતિ, આનંદ રહેશે અને શ્રીહરિની ઈચ્છાથી આવેલ દુઃખોની નિવૃત્તિ થાય એવા દિવ્ય આશીર્વાદ હરહંમેશ માટે આ દિવ્ય સ્થાને શાંતિપાઠ કરાવનારને મહારાજ, બાપાશ્રી અને ગુરુદેવ પ.પૂ. બાપજીના મળતા રહેશે."

**શાંતિપાઠની સેવાની વિગત**

**એક શાંતિપાઠ : ₹ 10/-**

(ઓછામાં ઓછા પાંચ શાંતિપાઠ નોંધાવવા)

**આજીવન શાંતિપાઠ : ₹ 5000/-**

**આજીવન દૈનિક શાંતિપાઠ : ₹ 10000/-**

**|| સ્થળ ||**

SMVS સ્વામિનારાયણ મંદિર, વાસણા

શ્રીજીબાપા કોમ્પ્લેક્ષની સામે, વાસણા

દરરોજ સવારે 08:30 થી 09:30

**|| શાંતિપાઠ માટે સંપર્ક ||**

પ.ભ. શ્રી છબીલભાઈ આદેશરા - 9925160880

પ.ભ. શ્રી ભીખાભાઈ ઠક્કર - 9909925572

શાંતિપાઠ ફોન દ્વારા કે ઓનલાઇન પણ નોંધાવી શકાય છે.



## જ્યાં અવિચળ સુખની પ્રાપ્તિનો પ્રારંભ થાય છે...

### ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ

“મહાપૂજાનો જે જે મુક્તો નિષ્કામભાવે લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા એવા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું અદ્વિતીય સુખ પ્રદાન કરશે.”

### || મહાપૂજાની સેવાની વિગત ||

- એક મહાપૂજા : ₹ 250/-
- દર પૂનમ (વાર્ષિક) : ₹ 2,500/-
- દર એકાદશી (વાર્ષિક) : ₹ 5,100/-
- દર રવિવાર (વાર્ષિક) : ₹ 11,000/-
- આજીવન પૂનમ : ₹ 31,000/-
- આજીવન એકાદશી : ₹ 51,000/-
- આજીવન રવિવાર : ₹ 75,000/-
- આજીવન દૈનિક મહાપૂજા : ₹ 1,25,000/-

### || સ્થળ ||



**SMVS સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર**
સોમ થી શનિ : સવારે 08:30 થી 10:30
દર રવિવારે : સવારે 08:30 થી 11:30 તથા બપોરે 03:00 થી 06:00



**SMVS સ્વામિનારાયણ મંદિર, મહેસાણા**
સોમ થી શનિ : સવારે 08:30 થી 10:30
દર રવિવારે : સવારે 08:30 થી 11:30 તથા બપોરે 03:00 થી 06:00
દર એકાદશી તથા પૂનમે: સવારે 10:00 થી 11:45

## 29) આપણું સિદ્ધાંત સૂત્ર

"સર્વોપરી સ્વામિનારાયણ
ભગવાનની
ઉપાસના દૃઢ કરી,
અનાદિમુક્તની સ્થિતિ પામવી
એ જ કારણ સત્સંગ."



## 30) હરિભક્તોનાં પંચવર્તમાન



**કારણ સત્સંગી એટલે અનાદિમુક્ત.**
**કારણ સત્સંગી એ અવરભાવનો શબ્દ છે.**
**અનાદિમુક્ત એ પરભાવનો શબ્દ છે.**



32) આપણો ગુરુમંત્ર

# "અહમ્ અનાદિમુક્ત સ્વામિનારાયણ દાસોસ્મિ"



## 33) જ્ઞાન-ધ્યાન ચિંતનના હેતુ





શ્રીજીમહારાજ અને ગુરુજીને રાજી કરવા માટે



સવારે વહેલા ઊઠવાની ટેવ પડે



વ્હાલા ગુરુજીની આજ્ઞાનું પાલન થાય.



સવારના સમયમાં જ ભગવાનનાં દર્શનનો લાભ મળે



દરરોજ 15 મિનિટ ધ્યાન કરવા માટે.



દરરોજ ઠાકોરજીને અંતરથી પ્રાર્થના કરવા માટે.



દરરોજ કીર્તનભક્તિ દ્વારા મહારાજને રીઝવી શકાય તે માટે.



સવારના સમયમાં વ્યવહારિક પ્રવૃત્તિથી દૂર રહી આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે.



અનાદિમુક્તની સ્થિતિ પામવા માટે.



દરરોજ વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો નિત્યપ્રત્યે લાભ લેવા માટે.




અનાદિમુક્ત વિશ્વમના પ્લાનિંગના ભાગ રૂપે જ્ઞાન-ધ્યાન ચિંતન છે.



અનાદિમુક્ત વિશ્વમની પાત્રતા કેળવવા માટે જ્ઞાન-ધ્યાન ચિંતન છે.

## • જ્ઞાન-ધ્યાનનો અર્થ

- જ્ઞાન : શ્રીજીમહારાજના સ્વરૂપને તથા પોતાના સ્વરૂપને (ચૈતન્યને) જેમ છે તેમ ઓળખવું એનું નામ જ્ઞાન. જ્ઞાનનું મનન કરવાના નિરંતર અભ્યાસથી જ્ઞાનની દ્રઢતા થાય છે.
- ધ્યાન : શ્રીજીમહારાજના સુખને પામવું, માણવું એનું નામ ધ્યાન. શ્રીજીમહારાજની મૂર્તિનું પ્રતિલોમભાવે ચિંતવન કરવાના નિરંતર અભ્યાસથી ધ્યાનની દ્રઢતા થાય છે.
- જેને ધ્યાનમાં સુખ લેવું હોય તેને સૌ પ્રથમ જ્ઞાનની દ્રઢતા કરવી ફરજિયાત છે. આમ, જ્ઞાન અર્થાત શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન + પોતાના સ્વરૂપનું જ્ઞાન. પ્રતિલોમપણે મૂર્તિનું ચિંતવન કરીએ તે ધ્યાન.

## • જ્ઞાન-ધ્યાન ચિંતનના સમય

- દરરોજ સવારે 7 થી 8 (પુરુષ તથા મહિલા વર્ગ માટે)
- દરરોજ સાંજે 4 થી 5 (મહિલા વર્ગ માટે)
- દરરોજ રાત્રે 9 થી 10 (કિશોરો માટે તેમજ જે યુવકો સવારે લાભ નથી લઈ શકતા તે સભ્યો માટે)
- જ્ઞાન-ધ્યાન ચિંતનનો લાભ **SMVS**ના નજીકના મંદિરમાં મળતો હોય છે. જે મુક્તો મંદિરથી દૂર રહેતા હોય છે તેમણે જે તે મંડળના સંચાલક પાસેથી ફોર્મ ભરીને લિંક મેળવી શકાય છે.

## • જ્ઞાન-ધ્યાન ચિંતનમાં મળતા લાભ?

- સ્વામિનારાયણ મહામંત્રની ધૂન
- પોતાના અહમને ઓગાળવા માટે પ્રાર્થના
- શ્રીજીમહારાજની રુચિ અને મૂર્તિમાં રહેવા માટે પ્રાપ્તિ અથવા મહાત્મ્યનું કીર્તન
- વ્હાલા ગુરુજી દ્વારા પ્રતિલોમ ધ્યાન
- પરભાવના માર્ગે, સમજણના માર્ગે આગળ વધવા માટે વ્હાલા ગુરુદેવની અમૃતવાણી તથા વ્હાલા ગુરુજીની દિવ્યવાણી

## 34) Family Time હેતુ

1. પરિવારમાં સંપ, સુહૃદભાવ, એકતાસભર વાતાવરણ કરવા માટે.
2. વ્હાલા ગુરુજીનો સંકલ્પ છે આપણું Family એ Happy Family હોવું જોઈએ તે માટે.
3. પરિવારના સભ્યો ભેગા થઈને સમૂહ ભોજન કરવા માટે.
4. પરિવારના સભ્યો વચ્ચે થઈ રહેલા અંતરને દૂર કરવા માટે.
5. એકબીજા સભ્યોને માફી માગવા અને માફી આપવા માટે.



## Happy Family માટેનું અદભૂત પુસ્તક : પરિવર્તનની પ્રેરણા




આ પુસ્તકમાં એક યુવકના જીવનવૃત્તાંતને પ્રદર્શિત કરી, માનવજીવનમાં માતાપિતાનું મૂલ્ય સમજાવવામાં આવ્યું છે. સાથે સાથે આવા અનેક પરિવારોની ગાથા પણ આ પુસ્તકમાં સમાવિષ્ટ કરી છે. આંખને ભીંજાવે, ગળે ડૂમા બઝાવે ને વારે વારે હૃદયને કંપાવે તેવા લેખો અનેકના જીવનમાં પરિવર્તન કરી, તેમના પરિવારમાં આત્મીયતાનો સૂરજ ઉગાડી, સુખ-શાંતિરૂપી હૂંફ અર્પશે એવી મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાન તથા ગુરુજીના દિવ્ય ચરણોમાં પ્રાર્થના સહ અપેક્ષા...

**પરિવર્તનની પ્રેરણા ઓડિયોબુક માટે અહીં ક્લિક કરો.**



# SMVS ON INTERNET

## OUR APPLICATIONS

SMVS

Anadimukta

SMVS Parinay

## LIVE SECTION

Every Ekadashi
Sankalp Sabha
7:30 AM

Every Poonam
Poonam Samaiyo
9:00 AM

## GTPL BHAKTI CHANNEL-551

Every Ekadashi
Sankalp Sabha
8:30 PM

Every Poonam
Poonam Samaiyo
8:30 PM

## GHANSHYAM ANK

Monthly
PDF E-Book

Monthly
Audio And Jukebox

# SMVS ON INTERNET

## YOUTUBE CHANNELS

SMVS

SMVS Live

SMVS Katha

Spiritual Journey

SMVS Hospital

## SOCIAL MEDIA CORNER

Instagram

Facebook

WhatsApp

Telegram

## OUR WEBSITES
















